


ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર


શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ભાષાદીપ

## ધોરણ - ૪



# ભાષાદીપ

## ધોરણ – ૪

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : ૨૦૧૯-૨૦

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

ગામ / શહેર : ____________________

તાલુકો : __________ જિલ્લો : __________

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :


**ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ. ઋતા એ. પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર


## : લેખન – સંપાદન :


**ડૉ. હરેશ ચૌધરી**

**યાદ્યા સપાટવાલા**

**રાકેશ પટેલ**

**હર્ષવી પટેલ**

**મમતા શર્મા**


## : નિર્માણ :


**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**


## : મુદ્રણ :


**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑકટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે. સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
    - મુક્ત વાતાવરણ મળશે.
    - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
    - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
    - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યક્ત કરશે.
    - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દ્દઢીકરણ થશે.
    - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
    - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
    - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
    - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
    - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
    - નવા (Schema) સમજકોશ રચાશે.
    - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
    - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
    - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
    - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
    - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
    - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
    - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
    - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
    - અધ્યાપન સરળ બનશે.
    - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.


# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | પહેલું અઠવાડિયું | ૦૧ |
| ૨. | બીજું અઠવાડિયું | ૦૭ |
| ૩. | ત્રીજું અઠવાડિયું | ૧૨ |
| ૪ | ચોથું અઠવાડિયું | ૧૭ |
| ૫. | પાંચમું અઠવાડિયું | ૨૦ |
| ૬. | છઠ્ઠું અઠવાડિયું | ૨૩ |
| ૭. | સાતમું અઠવાડિયું | ૨૭ |
| ૮. | આઠમું અઠવાડિયું | ૩૨ |
| ૯. | નવમું અઠવાડિયું | ૩૫ |
| ૧૦. | દસમું અઠવાડિયું | ૩૮ |
| ૧૧. | અગિયારમું અઠવાડિયું | ૪૨ |
| ૧૨. | બારમું અઠવાડિયું | ૪૬ |
| ૧૩. | તેરમું અઠવાડિયું | ૫૦ |
| ૧૪. | ચૌદમું અઠવાડિયું | ૫૫ |
| ૧૫. | પંદરમું અઠવાડિયું | ૫૯ |
| ૧૬. | સોળમું અઠવાડિયું | ૬૪ |
| ૧૭. | સત્તરમું અઠવાડિયું | ૬૮ |
| ૧૮. | અઢારમું અઠવાડિયું | ૭૧ |
| ૧૯. | ઓગણીસમું અઠવાડિયું | ૭૫ |
| ૨૦. | વીસમું અઠવાડિયું | ૭૯ |

## પહેલું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : અડોશપડોશ** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- નીચેનું ચિત્ર ધ્યાનથી જુઓ.
- તમારા જોડીદાર સાથે ચર્ચા કરી શિક્ષકે પૂછેલા પ્રશ્નોના જવાબ ચિત્રના આધારે આપો.



- શિક્ષક માટે :

બાળકોને વાતચીત કરવા પ્રેરવા માટે નીચેના પ્રશ્નો પૂછવા :

(૧) ચિત્રમાં કેટલા પુરુષો, સ્ત્રીઓ, બાળકો છે?

(૨) હનીફાબેન કપડાં ધૂએ છે તેનો અવાજ સૌથી વધુ કોને સંભળાતો હશે?

(૩) કોણ કોણ વાતો કરી રહ્યાં છે? કયાં કયાં?

(૪) મકાનના ધાબે શું-શું દેખાય છે?


(૫) અરીસાનો ઉપયોગ કોણ કરી રહ્યું છે?


(૬) દાદર પર કોણ કોણ છે? તેઓ કયાં કામ કરતાં હશે? વિચારીને કહો.

(૭) બધામાંથી સૌથી મોડું કોણ જાગ્યું હશે?

| ૨ | **પ્રવૃત્તિ : શબ્દકુટુંબ          તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ઉદાહરણ મુજબ આપેલા શબ્દની નજીકના બીજા શબ્દો લખો.



| ૩ | **પ્રવૃત્તિ : મને ઓળખો**      **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- પ્રવૃત્તિ-૧માં આપેલા ચિત્રને આધારે નીચેની ઓળખ કરવા ચર્ચા કરો.
- જવાબ લખો.
- વર્ગમાં વારાફરતી રજૂ કરો.

ઉદા:- હું નીચે ઊતરું છું.–ડેનીયલ

(૧) મારા હાથમાં ચા છે. - ..........................................

(૨) હું સફાઈ કરું છું. - ..........................................

(૩) અમારી નજીક પાણીની ડોલ છે. - ..........................................

(૪) અમે રસોડામાં છીએ. - ..........................................

(૫) અમે ઘરમાં નથી. - ..........................................

(૬) મને યોગાસન કરવું ગમે છે. - ..........................................

(૭) અમે છાપું વાંચીએ છીએ. - ..........................................

(૮) હું પંકજની સૌથી નજીક છું. - ..........................................

(૯) મારું નામ સૌથી લાંબું છે. - ..........................................

(૧૦) હું બોઝોનો ભાઈબંધ છું. - ..........................................

(૧૧) મેં મારા ભાઈનું નામ ઝૂમરુ પાડયું છે. - ..........................................

(૧૨) મને રસોઈ બનાવવી ખૂબ ગમે છે. - ..........................................

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત**      **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- 'નાવડી ચાલી' ચિત્રવાર્તાનાં ચિત્રો જોઈ વાર્તા યાદ કરી લો.
- ફરવા નીકળેલા મિત્રોને રસ્તામાં નદીને બદલે પર્વત મળે, ને ઉપર ચઢવાનું હોય તો? - વિચારો અને તેની વાર્તા બનાવો.
- વાર્તા બની જાય એટલે વર્ગમાં રજૂ કરો.

| ૫ | **પ્રવૃત્તિ : શબ્દવન** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- જોડીદાર મિત્ર સાથે નીચેની રમત રમો.
- નીચે આપેલ શબ્દવનમાંથી શબ્દો શોધીને લખતી વખતે નીચે આપેલા નિયમોનું પાલન કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સા | ળ | યા | કૂ | બિ | લા |
| બ | ર | દ | શિ | ત | ડી |
| ણ | હ | વાં | રો | હુ | બ |
| સિં | ગ | જ | ળ | ક | શા |
| ચ્ચ | ધે | ઘો | ત્ત | થી | રી |
| ખ | ર | ડો | હા | ચિ | ત્તો |

- નિયમો :
  - o આ શબ્દવનમાં વિવિધ શબ્દો સાથે પ્રાણીઓનાં અનેક નામ છુપાયેલાં છે તે શોધો.
  - o બે, ત્રણ કે તેથી વધુ અક્ષરના શબ્દો બનાવી શકાશે.
  - o ઊભા, આડા, ત્રાંસા કે વાંકા-ચૂંકા આગળ વધી શબ્દો બનાવી શકાશે. જેમકે, ખચ્ચર.
  - o આ રમત મિત્ર સાથે રમતી વખતે ગુણ આ રીતે ગણો. : ૨(બે) અક્ષરનો શબ્દ-૧ ગુણ, ૩ અક્ષરનો શબ્દ-૩ ગુણ, ૪ અક્ષરનો શબ્દ-૫ ગુણ.
  - o પ્રાણીના દરેક નામ માટે ૨ ગુણ ગણો.
  - o વધારે ગુણ મેળવનાર વિજેતા ગણાશે.

| ૬ | **સમયપત્રકની સમજ** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- નીચેના પ્રશ્નોના જવાબ શોધો અને વર્ગમાં રજૂ કરો.
- તમારા વર્ગના સમયપત્રકને આધારે કહો કે તમે સોમવારથી શનિવાર એમ છ દિવસ દરમિયાન.....

(૧) ગુજરાતી વિષય કેટલી મિનિટ ભણો છો? ........................................

(૨) સૌથી ઓછો સમય કયો વિષય ભણો છો? ........................................

(૩) રિસેસ કુલ કેટલી મિનિટની થાય છે? ............................................

(૪) કયા વિષયને સૌથી વધારે સમય મળે છે? ........................................

(૫) રમતો રમવા માટે કેટલો સમય મળે છે? ........................................

(૬) અંગ્રેજી વિષય ભણવા માટે કેટલી મિનિટ આપવામાં આવી છે? ....................

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ધારો કે આપણે ભેંસ કે હાથી જેવડા કે કીડી-મંકોડા જેવડા હોત તો? - વિચારો.
- જો તમે હાથી હોત તો તમે સવારથી સાંજ સુધી શું કરતા હોત? - વાતચીત કરી નક્કી કરો.
- જો તમે કીડી હોત તો સવારથી સાંજ સુધી શું કરતા હોત? - વાતચીત કરી નક્કી કરો.

| ૮ | **પ્રવૃત્તિ : ચિત્ર પરથી જવાબ** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- ત્રણ-ત્રણના જૂથમાં બેસો.
- તમારા ગુજરાતીના પુસ્તકના પાના નંબર-૧ પર આપેલાં ચિત્રો જોઈ નીચેના પ્રશ્નોના જવાબ ચર્ચા કરીને લખો.

(૧) નાળિયેરની કાચલી કોણ લાવ્યું?..................................................

(૨) પાંદડું લઈને કોણ દોડી રહ્યું છે?...............................................

(૩) ભમરો શું લઈને આવ્યો? ..................................................

(૪) તમારે દેડકાનું નામ પાડવું હોય તો શું પાડો? ..................................

(૫) કોણ કોણ દેડકાને પાણીમાં તરતો જોઈ રહ્યાં? ....................................

(૬) ફરવા નીકળેલા મિત્રોમાંથી કોણ કોણ ઊડી શકે? ..................................

(૭) ફરવા નીકળેલા મિત્રોમાંથી કોણ ઝડપથી દોડી શકતું હશે? ........................

(૮) ફરવા નીકળેલા મિત્રોમાંથી કોણ સૌથી ધીમે ચાલતું હશે? .........................

| ૯ | **પ્રવૃત્તિ : કોનું ઘર કયું?** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચે બધાંનાં રહેઠાણ બદલાઈ ગયાં છે. ચર્ચા કરી, સાચો શબ્દ ખાલી જગ્યામાં ફરીથી લખો.
- વર્ગમાં રજૂ કરો.

(૧) ઘેટાં-બકરાંને જ્યાં પૂરવામાં આવે છે તેને રાફડો કહેવાય છે. ........................

(૨) પંખીઓ ઝાડ પર રહેવા માટે બોડ બાંધે છે. ........................................

(૩) આપણે માણસો માળામાં રહીએ છીએ. ...........................................

(૪) વાઘ-વરુ તો દરમાં રહે. ....................................................

(૫) સાપના રહેઠાણને ઘર કહેવાય. ..............................................

(૬) ઉંદરના ઘરને વાડો કહેવાય. ...............................................

| ૧૦ | **પ્રવૃત્તિ : કેવું સરસ !** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચે આપેલાં વાકયોને પહેલાં આગળથી વાંચો.
- ત્યારબાદ તે વાકયોને પાછળથી વાંચો.
- આ વાકયો વાંચવાની મજા કેમ આવી? કહો.

(૧) જા રે બાવા બારેજા. ................................................

(૨) કમૂ ચા મૂક. ................................................

(૩) જો બુધા ધાબુ જો. ................................................

(૪) લીમડી ગામે ગાડી મલી. ................................................

(૫) જો પસા સાપ જો. ................................................


- **ફન ટાઈમ :**

| આપણા ઘરમાં ઉંદરનું ઘર હોય.ઉંદરના ઘરમાં આપણું ઘર હોય? - વિચારો ! |
|---|

## બીજું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : મને ગમે છે.**     **તા.**     જોડીકાર્ય |
|---|---|

- નીચે આપેલાં ચિત્રો ધ્યાનથી જુઓ.
- તમને નીચેનામાંથી શું શું કરવું ગમે છે તેની ચર્ચા તમારા જોડીદાર સાથે કરો.
- તમારા શિક્ષક દરેક ક્રમની વારાફરતી મૂક અભિનયથી વર્ગમાં રજૂઆત કરાવશે.
- તમને ગમતા કામના ક્રમ વખતે તમારે મૂક અભિનય કરવો અને વર્ગમાં રજૂઆત બાદ તે કામ કેમ ગમે છે તેની ટૂંકમાં રજૂઆત કરવી.



| ૨ | **પ્રવૃત્તિ : કવિતાની વાર્તા** **તા.** | જૂથકાર્ય |
| --- | --- | --- |

- ‘ઠંડી’ કવિતાની તમામ પંક્તિઓને ઉદાહરણ મુજબ બોલોઅને આપેલી જગ્યામાં લખો.
- તમે લખેલ વાક્યો વર્ગમાં વાંચી સંભળાવો.

ઉદાહરણ :

કહે ટમેટું મને ફ્રીજમાં બહુ લાગે છે ઠંડી

- ટમેટું કહે, મને ફ્રીજમાં બહુ ઠંડી લાગે છે.

| ૩ | **પ્રવૃત્તિ : તો શું કરશો?** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- તમારી પાસે ૧૫ રૂપિયા છે. તમારે ૫૦ રૂપિયાનું પુસ્તક ખરીદવું હોય, તો બીજા કેટલા રૂપિયાની જરૂર પડે?

  (અ) ૧૫ ₹ ૫૦ (બ) ૧૫ – ૫૦ (ક) ૫૦ – ૧૫

  (ડ) ૫૦ × ૧૫ (ઇ) ૧૫ × ૫૦ (ઈ) ૫૦ ÷ ૧૫

- હવે આવો જ એક પ્રશ્ન બનાવી બાજુના જૂથને આપો. પ્રશ્ન બનાવવા ચર્ચા કરો. કાગળ પર નોંધો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

| ૪ | **પ્રવૃત્તિ : સપનાની વાત** **તા.** **જૂથકાર્ય** |
|---|---|

- તમને સપનું આવે છે? આવે છે તો યાદ રહે છે? યાદ રહી ગયું હોય તેવા એક એક સપનાની વાત તમારા જૂથના મિત્રોને કહો.
- તમારા જૂથમાંથી જે મિત્રનું સપનું તમને સૌને ખૂબ જ ગમ્યું હોય તે સપનાની વાત વર્ગમાં રજૂ કરો.

| ૫ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો.** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- વાતચીત કરીને પહેલી ખાલી જગ્યામાં કૌંસમાંથી શબ્દ પસંદ કરીને લખો.
- ત્યારબાદ ફરીથી વિચાર કરી બીજી ખાલીજગ્યા જાતે શબ્દ નક્કી કરી પૂરો.

  ઉદાહરણ:- દડદડ કરતું <u>ચીકુ</u> પલંગ નીચે <u>ગયું</u>. (કેરી, ચીકુ, કેળું)

  (૧) દડદડ કરતી ............ પલંગ નીચે ........... (ચંપલ, ચૉકલેટ, લખોટી)

(૨) દડદડ કરતો ............ પલંગ નીચે ........... (દડો, મોબાઈલ, બોર)

(૩) દડદડ કરતા ............ પલંગ નીચે ........... (રમકડાં, બટાકા, ખીલી)

(૪) દડદડ કરતાં ............ પલંગ નીચે ........... (કારેલાં, ટામેટાં)

| ૬ | **પ્રવૃત્તિ : અમને ઓળખો.** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- 'આસપાસ'ના પહેલા પાઠના આધારે કોણ કેવી રીતે શાળામાં જાય છે તે ચર્ચા કરીને શોધો. ખાલી જગ્યામાં લખો.
- જે જૂથ સૌથી પહેલાં જવાબ લખી લે તે વિજેતા.
- જવાબને વર્ગમાં રજૂ કરો.

(૧) અમે પથરાળ અને આડા-અવળા / વાંકા-ચૂકા રસ્તે શાળાએ જઈએ છીએ............

(૨) અમે પશુ-પક્ષીનો અવાજ સાંભળતાં સાંભળતાં જંગલમાંથી પસાર થઈ શાળાએ જઈએ છીએ. .............................................................

(૩) અમે ઊંટગાડીમાં સવારી કરી શાળાએ જઈએ છીએ. ..............................

(૪) અમે શાળાએ જવા હોડીનો ઉપયોગ કરીએ છીએ. ................................

| ૭ | **પ્રવૃત્તિ : મારી પસંદ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- 'ઠંડી' કવિતા ધ્યાનથી વાંચો.
- આ કવિતા માટે તમારે ચોપડીમાં ચિત્ર મૂકવાનું હોય તો કયું ચિત્રવર્ણન તમે પસંદ કરશો તે દોસ્ત સાથે ચર્ચા કરીને નક્કી કરો.

ચિત્ર-૧ ખેતરમાં ટમેટું ડાળ પર ઝૂલતું હોય અને તડકાની મજા લેતું હોય તેવું ચિત્ર

ચિત્ર-૨ ફ્રીજમાં મૂકેલાં શાકભાજીમાંથી મૂળાભાઈ ટમેટાને ટપાક ટપલી મારતા હોય તેવું ચિત્ર

ચિત્ર-૩ ફ્રીજમાં મૂકેલું ટમેટું ઠંડીથી થરથર ધ્રૂજતું હોય તેવું ચિત્ર

| ૮ | **પ્રવૃત્તિ : ઉપયોગ લખો.** તા. | **જૂથકાર્ય** |
|---|---|---|

- નીચે આપેલી વસ્તુઓનો ઉપયોગ ચર્ચા કરીને લખો. વર્ગ સમક્ષ કોઈ એક વસ્તુના ઉપયોગો વાંચી સંભળાવો. તમે ન લખ્યા હોય તેવા ઉપયોગ કયા છે ? - તે યાદ કરી બોલો.

(૧) પેન્સિલ : ..........................................................

..........................................................

(૨) રબર : ..........................................................

..........................................................

(૩) ચમચી : ..........................................................

..........................................................

(૪) ચોપડી : ..........................................................

..........................................................

(૫) બસ : ..........................................................

..........................................................

| ૯ | **પ્રવૃત્તિ : જાસૂસ-જાસૂસ** તા. | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- કોઠામાં આપેલા અક્ષરો અને તેની નીચે લખેલા અંકો વાંચો.
- ત્યાર બાદ ઉદાહરણ પ્રમાણે આપેલી સંખ્યાથી કયો શબ્દ બને છે તે શોધી કાઢો અને લખો.
- જે વિદ્યાર્થી સૌથી પહેલાં સાચા જવાબ લખશે તેને વર્ગના‘જબરા જાસૂસ’ તરીકે તાળીનું માન આપો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | હ | મ | દ | ન | ગ | ર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | ૩૬૭ | ૬૭૩ | ૫૩૫ | ૩૪૫ |
| મન | | | | |

- **ફનટાઈમ :**

નીચેના જેવા શબ્દો લખો અને મોટેથી વાંચો

અડકો, દડકો, .................., ફડકો, કડકો, ..............

## ત્રીજું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : હું છું ફેરીવાળો** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- કઈ કઈ વસ્તુ વેચતા ફેરિયાઓ તમે જોયા છે? - યાદી બનાવો.
- એ ફેરિયાએ તેમની વસ્તુઓ વેચવા માટે શું-શું બોલતા કે બૂમો પાડતા હોય છે? - તે ચર્ચા કરો.
- જુદા જુદા ફેરિયાઓ બોલતા હોય તેવા અવાજ, બૂમ પ્રેક્ટિસ કરો. પછી તેની રજૂઆત વર્ગમાં કરો.

| ૨ | **પ્રવૃત્તિ : હા – ના** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ગુજરાતીના પુસ્તકના પાના નં.૯ પરનું ચિત્ર જોઈ નીચેનાં વાકયો ખરાં કે ખોટાં તેની જોડીદાર સાથે ચર્ચા કરો.
- જો વાકય ખરું હોય તો નીચે આપેલી લીટીમાં ''હા'' લખી તે જ વાકય ફરીથી લખો.
- જો વાકય ખોટું હોય તો નીચે આપેલી લીટીમાં ''ના'' લખી તે વાકય સુધારીને લખો.

(૧) આ ચિત્ર અલીહુસેન મોચીના ઘરની અંદરના ઓરડાનું છે.

.....................................................................

(૨) અલીહુસેન મોચીના ઘરે જ અનાજ દળવામાં આવે છે.

.....................................................................

(૩) અલીહુસેન મોચીએ ચાર પશુ-પંખી પાળ્યાં છે.

.....................................................................

(૪) મોચી અલીહુસેન ખૂબ પૈસાદાર ઘરના છે.

.....................................................................

(૫) બૂટની બે જોડી વચ્ચે ચંપલની એક જોડી છે.

.....................................................................

(૬) અલીહુસેનને પાણી પીવા માટે બીજા ઓરડામાં જવું પડતું હશે.

.....................................................................

(૭) ચિત્રમાં બૂટની પાંચ જોડી દેખાય છે.

.....................................................................

| ૩ | **પ્રવૃત્તિ : "અંકમિત્ર"** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- એકથી પચીસ અંકો ફટાફટ બોલો.
- પછી પચીસ થી એક સુધી ફટાફટ બોલો.
- ૨૦ ની તરત પહેલાં શું આવે?,૧૭ ની તરત પછી શું આવે?, ૧૯ ની તરત પહેલાં શું આવે? – એવા પ્રશ્નો તમારા જૂથના મિત્રોને ફટાફટ પૂછો અને ફટાફટ જવાબ મેળવો.
- જે મિત્ર ફટાફટ ક્રમમાં કે ઉલટા ક્રમમાં અંકો ન બોલી શકે તેણે પ્રશ્નો પૂછવા.
- ફટાફટ જવાબ ન આપી શકે તેને આઉટ ગણી તેણે પ્રશ્નો પૂછવાનું કામ સંભાળવું.
- આ રીતે જૂથમાં વિજેતા થયા હોય તેમને ફરીથી આ રમત રમાડવી.
- છેલ્લે જે વિજેતા થાય તેને "અંકમિત્ર" કહી સન્માનિત કરવા.

| ૪ | **પ્રવૃત્તિ : સમાનાર્થી શોધો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- નીચે આપેલા કોઠામાંથી ચાવી મુજબના શબ્દ શોધો અને લખો. એ શબ્દ કેટલા અક્ષરનો છે તે ચાવીમાં છેલ્લે કૌંસમાં લખવું.
- સૌથી ઓછા સમયમાં શબ્દો શોધનાર જોડીને હાથ મિલાવી "અભિનંદન" કહો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ળી | સ | લા | મ | પુ | ણ્ય | ત્ર | ગા | પૂ | ધ |
| ક | પો | દા | રા | ક | પ | અ | વ | ગ | મ |
| બૂ | બ | કા | ભા | જ | ના | હા | ત | રી | તા |
| લ | સા | ૨ | ક | ફ | વ | કા | લ | બી | ગ |
| રૂ | ક | મા | પ | રિ | વા | ૨ | મ | ત | પિ |
| ખા | તા | જા | વા | શ્તા | લો | રો | ક | ક | ળ |
| ન | ધા | જા | ણ | બા | તા | ખુ | શા | લી | અ |
| વિ | બે | ભા | ન | શી | વી | દા | સા | ફ | જી |
| ચુ | ની | પો | જી | જ | હં | ઈ | ણ | રા | હ |
| વિ | લી | ક | હ | તુ | કો | ક | રા | ને | જ |

(૧) મુસલમાનો દ્વારા થતી મક્કાની પવિત્ર યાત્રા....
(૨) મધમાખી બનાવે તે <u>મધ</u>
(૩) આનંદ............
(૪) મુશ્કેલી............
(૫) ઈશ્વરને લગતું............
(૬) વરસાદમાં બરફના ટુકડા પડે તે ......
(૭) રડવાનો અવાજ............
(૮) કુટુંબ............
(૯) ભાન વિનાનું............
(૧૦) સારા કામનું ફળ............

| ૫ | **પ્રવૃત્તિ : કહો કેટલા રન ?** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- ક્રિકેટની એક મેચમાં તમારી ટીમે ૭૦ રન કરી દીધા છે. સામેની ટીમ જેટલા રન કરવા માટે તમારી ટીમને ૨૨ રનની જરૂર છે, તો સામેની ટીમે કેટલા રન કર્યા હશે?

  (અ) ૭૦ – ૨૨ (બ) ૭૦ ₹ ૨૨ (ક) ૭૦ × ૨૨ (ડ) ૭૦ ÷ ૨૨

| ૬ | **પ્રવૃત્તિ : શબ્દ રમત** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- તમારા જોડીદાર સાથે મળી આપેલા કોઠામાંથી શબ્દ શોધો જે 'આસપાસ'ના પહેલા પાઠના છે. તમે પુસ્તક ખોલી પાઠ વાંચી મદદ લઈ શકો છો.
- તે માટે સૌ પ્રથમ ક્ષ, જ્ઞ, શ્ર, ત્ર લખ્યા હોય તે છેકી નાંખો.
- બાકી રહેતા અક્ષરોમાં આડા, અવળા, ઊભા, ત્રાંસા શબ્દ છુપાયેલા છે તે શોધીને ઉદાહરણ મુજબ ગોળ કરીને લખો અને મોટેથી વાંચો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શા | ક્ષ | ર | ક્ષ | શ્ર | ત્ર | જ્ઞ | શ્ર | ત્ર | ક્ષ | બ | S |
| ક્ષ | ળા | ક્ષ | ણ | અ | મ | દા | વા | દ | ક્ષ | ળ | C |
| જ્ઞ | ટ્રો | લી | જ્ઞ | જ્ઞ | જ્ઞ | ત | ત્ર | રિ | જ્ઞ | દ | H |
| ત્ર | ઊં | ટ | ગા | ડી | સા | ક્ષ | ળે | ક્ષા | જ્ઞ | ગા | O |
| શ્ર | દ્રા | ક્ષ | જ્ઞ | ત્ર | શ્ર | ઈ | ત્ર | ટી | શ્ર | ડું | O |
| ગી | ર | જ્ઞ | ક્ષ | બ્રિ | જ | જ્ઞ | ક | જ્ઞ | ઉ | ત્ર | L |
| ત્ર | કા | પા | ત્ર | શ્ર | ક્ષ | જં | ગ | લ | ડ | જ્ઞ | V |
| ઊં | શ્ર | વા | વ્હી | લ | રો | ર | ત્ર | પુ | ન | શ્ર | A |
| ટ | ક્ષ | ગ | ત્ર | ત્ર | ટ | શ્ર | ડું | શ્ર | ખ | શ્ર | N |
| જ્ઞ | ક્ષ | ઢ | જ્ઞ | મો | શ્ર | ક્ષ | ગ | જ્ઞ | ટો | જ્ઞ | હો |
| ફા | ટ | ક | ક્ષ | વ | ણ | જા | ર | જ્ઞ | લા | ત્ર | ડી |

| | | | | |
|---|---|---|---|---|
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |
| • | • | • | • | • |

| ૭ | **પ્રવૃત્તિ : ઉપયોગ લખો.** **તા.** જૂથકાર્ય |
|---|---|

- નીચે આપેલી વસ્તુઓ કયા કામમાં આવે છે? એક એક વાક્ય લખો.
- પોતે લખેલ ઉપયોગ જૂથમાં વાંચી સંભળાવો.

(૧) કૂકર : ..........................................................

(૨) ટાંકી : ..........................................................

(૩) ખાટલો : ..........................................................

(૪) પાટલો : ..........................................................

(૫) માટલી : ..........................................................

| ૮ | **પ્રવૃત્તિ : વાક્ય પસંદ કરી સંવાદ પૂરો કરો.** **તા.** વ્યક્તિગતકાર્ય |
|---|---|

૧. તું શું રમવા જાય છે?

૨. મેદાનમાં કપડાં ન બગડે?

૩. તું તારે ભણ, હું રમવા જાઉં છું.

૪. એ તો રમીએ એટલે આવડી જાય.

૫. મારા ઘરે આવીને મને એ રમતો શીખવને.

જીતુ : ચાલ મીનુ, ભણવા બેસીએ

મીતુ : ..........................................................

જીતુ : ..........................................................

મીતુ : કબડ્ડી, ક્રિકેટ, ગિલ્લી-દંડો... ભાઈબંધો જે રમતા હોય તે રમવાનું.

જીતુ : આ બધી રમતો તું કેવી રીતે શીખ્યો?

મીતુ : ..........................................................

જીતુ : ..........................................................

મીતુ : ઘરમાં ન શીખાય. મેદાનમાં આવવું પડે.

જીતુ : ..........................................................

મીતુ : કપડાં બગડે પણ શરીર સુધરે અને મજા પણ આવે.

| ૯ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
| --- | --- | --- |

- તમારા શિક્ષક બોલે તે લખો. (શિક્ષકે ધોરણ-૩ ગણિત ગમ્મત પુસ્તકના પાના નંબર ૯૭ પરના મહાવરા-૩નું શ્રુતલેખન કરાવવું)

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## ચોથું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : ફકરો પૂરો કરો** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- નીચે તમારી ગુજરાતીની ચોપડીના પાન નંબર ૧૦ પરના વાકયો આપેલાં છે તે ચોપડીમાંથી વાંચો, ત્યાર પછી નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી ફકરામાંની ખાલી જગ્યા પૂરો.
- વર્ગમાં રજૂ કરો.

(દહાડા, રડારોળ, માંદી, નિર્ધન, એકઠા, માર્ગ, બા, બાજુવાળા, ઘણાં, ભોજન, બાપુજી)

ભાઈ હું એક ............ માણસ છું. ............ વર્ષોથી વિચારતો હતો કે હજ કરી આવું. થોડું થોડું કરીને હજ માટે મેં રૂપિયા ............ કર્યા હતા. આ વર્ષે હું હજ કરવા જાત, પણ હજ જવાનું નક્કી કર્યું તેના બે ............ પહેલાં જ મેં મારા ............ નાં બાળકોને ............ કરતાં જોયાં.કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે તે બિચારાં બાળકોને કેટલાય દિવસોથી ખાવા માટે કાંઈ જ મળ્યું ન હતું અને ........... મેળવવાનો કોઈ જ ............ દેખાતો ન હતો.તેમના ...........મૃત્યુ પામ્યા હતા અને ખૂબ જ ............ હતી.

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર !** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- ૨૦ ચોકલેટમાં કેટલી ચોકલેટ ઉમેરીએ, તો ૫૦ ચોકલેટ થાય, તે શોધવા શું કરશો?

(અ) ૨૦ ₹ ૫૦ (બ) ૫૦ – ૨૦ (ક) ૫૦ ₹ ૨૦ (ડ) ૫૦ × ૨૦

| ૩ | **પ્રવૃત્તિ : બોલો ફટાફટ !** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- વારાફરતી ''પાંચ પાપડ પાકા પાપડ, પાંચ પાપડ કાચા પાપડ'' ફટાફટ અને વારંવાર બોલવા કહો.
- જેની જીભ થોથવાય તે આઉટ ગણાશે.

| ૪ | **પ્રવૃત્તિ : વાક્ય ફરીથી બનાવો** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- લીટી દોરેલ શબ્દની જગ્યાએ કૌંસમાં આપેલો શબ્દ વાપરી વાક્ય બનાવો / ફરીથી લખો.

(૧) આંગણામાં પક્ષી ચણતું હતું. (કાબર) ..........................................

(૨) મીતા ઊભી ઊભી ખાતી હતી. (મિતેશ) ..........................................

(૩) બાળકો પ્રાર્થના કરે છે. (હું) ..........................................

(૪) ધ્રુવ હસતો હસતો વાંચતો હતો. (ધ્રુવી) ..........................................

(૫) ડોલ પાણીથી ભરેલી હતી. (માટલું) ..........................................

| ૫ | **પ્રવૃત્તિ : પ્રશ્નોત્તરી** **તા.** **જૂથકાર્ય** |
|---|---|

- 'આસપાસ'માંથી રિયાની મુસાફરી (પાન-૪૧) વાંચો.
- નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) રિયા અને જીયા ફરવા જવાનું હોવાથી ઉત્સાહિત હતાં. તમે ક્યારે ઉત્સાહિત થાઓ છો?

..........................................

(૨) જીયાના કુટુંબ માટે ટિકિટનું બુકિંગ કોણે કરાવ્યું? ..........................................

(૩) કોને ટિકિટનું બુકિંગ રદ કરાવવું પડયું? ..........................................

(૪) કોણ ફરવા જશે? ..........................................

(૫) કોણ ઘરે રહેશે? ..........................................

| ૬ | **પ્રવૃત્તિ : બંધબેસતો શબ્દ** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- કૌંસમાંથી બંધબેસતો શબ્દ શોધો.

(૧) જો કાપડ = મીટર તો દૂધ =.................. (લિટર, ક્વિન્ટલ, ગેલન, ગ્રોસ)

(૨) જો૧ કોડી = ૧૨ નંગ તો ૧ કિલોમીટર = ............ મીટર

(૧૦ મીટર, ૧૦૦ મીટર, ૧૦૦૦ મીટર)

(૩) જો સિંહ - માંસાહારી તો સસલું = ............ (માંસાહારી, શાકાહારી, તૃણાહારી)

(૪) જોવ્યાસ = ૨×ત્રિજ્યા તો નફો = ............

(મૂ.કિ.ᡓવે.કિ., વે.કિ.-મૂ.કિ., વે.કિ. ᡓ મૂ.કિ.)

(૫) જો લાકડું = અપારદર્શક તો કાચ= ............ (પારદર્શક, પારભાસક, અપારદર્શક)

| ૭ | **પ્રવૃત્તિ : સાચો ક્રમ** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- નીચેનાં વાક્યો શાળામાં વિદ્યાર્થીઓએ જે કર્યું તે દર્શાવે છે.
- કયું કામ પહેલાં અને કયું પછી કર્યું હશે તે વિચારો.
- દરેક વાક્ય આગળ આપેલા ☐ માં ક્રમ લખો.

☐ મોટી રિસેસમાં ભોજન લઈને થોડું રમ્યાં.

☐ સમયસર નિશાળે પહોંચી ગયાં.

☐ છેલ્લા બે તાસમાં સાહેબે સરસ રમતો રમાડી.

☐ પ્રાર્થના પૂરી કરી સૌ પોતપોતાના વર્ગમાં ગયા.

☐ મોટી રિસેસ પહેલાંના તાસમાં સાહેબે ગીતો ગવડાવ્યાં.

☐ પહેલા તાસમાં ભાષા શીખ્યાં.

☐ જમ્યા પછી એક કલાક થઈ ગયેલો એટલે નાની રિસેસમાં ખૂબ પાણી પીધું.

| ૮ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

| વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|
| (૧) તમારા ઘરે ગઈકાલે | (૧) મારા શિક્ષકને બહુ ગમે? |
| (૨) આજની મોટી રિસેસ | (૨) કેમ છંછેડ્યો? |
| (૩) તે સૂતેલા કૂતરાને | (૩) કોણ આવ્યું હતું? |
| (૪) આપણે ક્યાં જઈએ તો | (૪) કેટલા વાગ્યે પડશે? |
| (૫) હું શું કરું તો | (૫) સિંહ જોવા મળે? |

# પાંચમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : ક્રિયા શોધો.** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંથી ક્રિયાઓ શોધી તેની આસપાસ ◯ કરી નીચે લખો.

| | | | | |
|---|---|---|---|---|
| વું | આ | ઉં | ચ | નિ |
| જ | ડિ | વ | ડ | દે |
| બો | લા | વ | વું | લ |
| વાં | ચ | વું | તો | ખ |
| ષ | ટો | ગ | મ | વું |

ઉદા. બોલાવવું

(૧) ................ (૪) ................

(૨) ................ (૫) ................

(૩) ................

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર !** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- સાચો જવાબ તમારા જોડીદાર મિત્ર સાથે મળી શોધો.
- જવાબ સાચો પડે તો એકબીજાને શાબાશી આપો.
- ખોટો પડે તો સુધારો.

આંબાના ઝાડ પર૨૦ ફૂટ ઊંચે લટકતી કેરી ઉતારવા માટે તમારી પાસે ૧૦ ફૂટલાંબી લાકડી હોય, તો બીજી કેટલા ફૂટ લાંબી લાકડી જોડવી પડે?

(અ) ૨૦ ₹ ૧૦ –તમારી ઊંચાઈ (ક) ૨૦ –૧૦ –તમારી ઊંચાઈ

(બ) ૨૦ –૧૦ ₹ તમારી ઊંચાઈ (ડ) ૨૦ ₹ ૧૦ ₹ તમારી ઊંચાઈ

| ૩ | **પ્રવૃત્તિ : ઉલટ-સૂલટ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વાકયમાં જે શબ્દોના અક્ષર આડાઅવળા થઈ ગયા હોય તે ગોઠવીને ફરી લખો.

ઉદાહરણ : કએ તોહ ડછો.

એક હતો છોડ.

(૧) છોડને ટોમો નીવાથ ઈચ્છા હતી. : ..........................................

(૨) આકાશને બીઆં વુંજ તુંહ. : ..........................................

(૩) પરંતુ સેવદિ સેવદિ તે સુકાતો તોજ તોહ. : ..........................................

(૪) કએ રીકબનું નધ્યા યુંગ. : ..........................................

(૫) રીકબ ડાંદપાં ઈખા ઈગ. : ..........................................

| ૪ | **પ્રવૃત્તિ : વર્ગીકરણ** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- વર્ગીકરણ કરો.

(તલસાંકળી, મીઠાઈ, દેવળ, પતંગ, સાથિયા, નમાજ, ઈદગાહ, ફિરકી, શેરડી, ક્રિસમસ ટ્રી, ચાંદ, અગાસી, ફટાકડા, સેવૈયા, સાન્તાકલોઝ, મહેમાન, ઊંધિયું, દોરો, ટોપી, મીણબત્તી, તુક્કલ, દીવડા)

| નાતાલ | ઉત્તરાયણ | ઈદ | દિવાળી |
|---|---|---|---|
| | | | |

| ૫ | **પ્રવૃત્તિ : વાંચન** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- પાઠ-૭ નું વાંચન તમારા શિક્ષકની સૂચના મુજબ કરો.
- શિક્ષક માટે : વર્ગના તમામ વિદ્યાર્થીઓ પાસે વારાફરતી ત્રણ-ચાર લીટીનું મુખવાચન જૂથમાં કરાવવું. એક વિદ્યાર્થી વાંચે ત્યારે અન્ય તમામ વિદ્યાર્થીઓ પણ પુસ્તકમાંથી મૌન વાચન કરે તેવી સૂચના આપવી.

| ૬ | **પ્રવૃત્તિ : વાક્ય બનાવો.** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- યોગ્ય જોડકાં ગોઠવો અને બંને શબ્દોના ઉપયોગની ચર્ચા કરી વાકયો બનાવો અને વર્ગમાં રજૂ કરો.

ઉદા. ગાડી-પાટા

ગાડીપાટા પર છુકછુક કરતી ચાલે છે.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | ગાડી | અ | રસ્તો |
| ૨ | બસ | બ | પાણી |
| ૩ | નાવડી | ક | પાટા |
| ૪ | વિમાન | ડ | દોરડું |
| ૫ | રોપ વે | ઈ | આકાશ |

| ૭ | **પ્રવૃત્તિ : યોગ્ય શબ્દ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કૌંસમા આપેલ ક્રિયા પરથી યોગ્ય શબ્દ બનાવી વાક્ય પૂરું કરો.

ઉદાહરણ : ડાઘિયો શિયાળને જોઈને ભસવા માંડ્યો. (ભસવું)

૧. ઘર પરથી નળિયું નીચે ..........(પડવું)

૨. મમ્મીએ ઘાસનો ભારો ..........(બાંધવું)

૩. જોકરને જોઈને બાળકો પેટ પકડીને ..........(હસવું)

૪. અમારા ઘરે મહેમાન .......... છે. (આવવું)

૫. પ્રાર્થના પૂરી કરીને બાળકો વર્ગમાં .......... (જવું)

| ૮ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(જમ્યા, આદર, દરરોજ, આખું, ગામમાં ,વાતો, ગામના, સાધુ)

એક ..........એક સાધુ રહે. એ ..........ગામમાં જાય. .......... લોકો તેમને ખાવાનું આપે. ..........મહારાજ ..........પછી ઘરના સભ્યો અને પડોશીઓને સારી સારી ..........કરે. ..........ગામ સાધુને ..........આપે.

## છઠ્ઠું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : સાચું શું?** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- સાચું શું? વિચારીને સામે '✓' કરો.
- વર્ગમાં રજૂ કરો.

(૧) **તમારા પૈસા તો દૂધે ધોયેલા છે.**

- o લાખો તેના પૈસાને રોજ દૂધથી ધોતો હશે. ☐
- o વાણિયાએ લાખાને દૂધથી ધોયેલા પૈસા આપ્યા હશે. ☐
- o વાણિયાને લાખો પૈસા પાછા આપશે જ એવો વિશ્વાસ છે. ☐

(૨) **શેઠને ઘેર એક રાતે ખાતર પડયું.**

- o શેઠના ઘેર છાપરે મૂકેલું ખાતર રાત્રે નીચે પડી ગયું હશે. ☐
- o શેઠના ઘરે રાત્રે ચોરી થઈ હશે. ☐
- o શેઠના ઘરે રાત્રે આકાશમાંથી ખાતરનો વરસાદ પડયો હશે. ☐

(૩) **કૂતરાએ મારી શાખ ઉપર પાણી ફેરવ્યું.**

- o કૂતરાએ લાખાની આબરૂ કાઢી હશે. ☐
- o કૂતરાએ લાખાની શાખ ઉપર ડોલ ભરીને પાણી ઢોળ્યું હશે. ☐
- o કૂતરાએ લાખાની શાખ ઉપર પાણીનો છંટકાવ કર્યો હશે. ☐

(૪) **લાખાએ ડાઘિયાને આંખ બતાવી.**

- o લાખાએ કાળા ચશ્માં ઉતારીને ડાઘિયાને પોતાની આંખ બતાવી હશે. ☐
- o લાખાએ ડાઘિયા પાસે આંખની તપાસ કરાવી હશે. ☐
- o લાખાએ ડોળા કાઢી ડાઘિયા પર ગુસ્સો કર્યો હશે. ☐

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- નીચેના પ્રશ્નોના સાચા જવાબો શોધો.
- શિક્ષક કહે ત્યારે વર્ગમાં રજૂ કરો.

હું જયાં ઊભો છું ત્યાંથી ૧૦૦ ડગલાં દક્ષિણ દિશામાં ચાલુ છું. ત્યાર બાદ ઉત્તર દિશા તરફ ૪૦ ડગલાં ચાલું છું. તો .....

૧. હું કુલ કેટલાં ડગલાં ચાલ્યો, એ શોધવા શું કરવું પડે?

(અ) સરવાળો (બ) બાદબાકી

૨. ૧૪૦ ડગલાં ચાલ્યા બાદ હું મારી મૂળ જગ્યાએથી કેટલો દૂર છું ?


(અ) ૧૪૦ ડગલાં (બ) ૪૦ ડગલાં (ક) ૬૦ ડગલાં

૩. ઉત્તર દિશામાંથી દક્ષિણ દિશાએ ૪૦ ડગલાં ચાલું તો, મૂળ જગ્યાએથી કેટલો દૂર છું?

(અ) ૬૦ ડગલાં (બ) ૧૦૦ ડગલાં (ડ) ૧૪૦ ડગલાં

| ૩ | **પ્રવૃત્તિ : બર્થ ડે કાર્ડ** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારી મમ્મી માટે જન્મદિવસનું નીચેનું કાર્ડ સજાવો. રંગ પૂરો.
- નીચે આપેલી ખાલી જગ્યામાં મમ્મી વિશે વાકયો લખો.
- તમારાં મમ્મીને તૈયાર કરેલું એ કાર્ડ બતાવો અને વંચાવો.



| ૪ | **પ્રવૃત્તિ : જોડકું** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- 'અ' વિભાગમાં આપેલ યાદીમાં 'બ' વિભાગમાંથી ઉમેરી શકાય તેવું યોગ્ય નામ પસંદ કરીને જોડકું જોડો.
- તમારો જવાબ વર્ગમાં રજૂ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | ગુલાબ, મોગરો, સૂર્યમુખી | ● | મગ |
| ૨ | તલ, નાળિયેરી, મગફળી | ● | ચીકુ |
| ૩ | રીંગણ, બટાકા, કારેલાં | ● | જાસૂદ |
| ૪ | તુવેર, ચોળા, ચણા | ● | દૂધી |
| ૫ | મોસંબી, બોર, જામફળ | ● | દિવેલા |

| ૫ | **પ્રવૃત્તિ : ઝટપટ બોલું પટપટ** **તા.** **વ્યક્તિગતકાર્ય** |
|---|---|

- નીચે આપેલા શબ્દો વાંચી તરત જ તેના વિશે ત્રણથી ચાર વાક્યો બોલો.
  - o મારું ઓશીકું
  - o નાનકડું ગલૂડિયું
  - o ચીં ચીં કરતી ચકલી
  - o મને ભાવે કેરી

| ૬ | **પ્રવૃત્તિ : વાક્ય બનાવો** **તા.** **જૂથકાર્ય** |
|---|---|


- યોગ્ય જોડકાં જોડો અને ચર્ચા કરી બંને શબ્દના ઉપયોગથી વાકયો બનાવો અને વર્ગમાં રજૂ કરો.


ઉદાહરણઃ- ફૂલ - મોગરો :મને મોગરાનું ફૂલ સૂંઘવું ગમે છે.


| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | અનાજ | ● | ફૂલાવર |
| ૨ | કઠોળ | ● | દાડમ |
| ૩ | શાકભાજી | ● | મકાઈ |
| ૪ | ફૂલ → | ● | અડદ |
| ૫ | ફળ | ● | મોગરો |

| ૭ | પ્રવૃત્તિ : શબ્દસાંકળ | તા. | જોડીકાર્ય |
|---|---|---|---|

- એક શબ્દ આપેલ છે. તેના અંતિમ અક્ષરથી શરૂ થતો બીજો શબ્દ લખો તે જ પ્રમાણે દરેક નવા શબ્દના અંતિમ અક્ષરથી નવો શબ્દ બનાવી નમૂના પ્રમાણે શબ્દસાંકળ બનાવો.




| ૮ | પ્રવૃત્તિ : ગોટાળો | તા. | જોડીકાર્ય |
|---|---|---|---|

- અહીં ફકરામાં કેટલાક શબ્દો લખવામાં ગોટાળો થઈ ગયો છે. એ ગોટાળો ગુજરાતીના પાઠના-૧૧ 'ઊંટ અને ફકીર'ના આધારે શોધી કાઢો અને ગોટાળાવાળા શબ્દો ફરતે ◯કરો.

એક ફકીર નવડવ ગામમાંથી પસાર થતા હતા. સેવામાં એક વેપારી તેને સામો પડ્યો. તેણે પૂછ્યું, ફકીરબાબા, તમે માટલામાં ક્યાંય ઊંટ જતું જોયું. ફકીરે સહ્યું, "તેની રમણી પાંખ ફૂટેલી છે?, તે ડાબે પગે બોડું છે? તેનો આગલો દાંત સડી ગયો છે? તેની એક બાજુએ મધ તથા બીજી બાજુએ ઘઉંના થેલા લટકાવ્યા છે?"

## સાતમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાક્ય શોધો**    **તા.**    જોડીકાર્ય |
|---|---|

- નીચેનાં વાકયો ધ્યાનથી વાંચો. એ વાકયના જેવાં જ વાકયો સાતમા પાઠમાંથી શોધીને લખો.

(૧) મોહન મૂર્તિઓ ભેગો સંતાઈ ગયો.

(૨) મોહન હવે ઘરડો થયો હતો.

(૩) તારી મૂર્તિમાં એક ખામી રહી ગઈ છે.

(૪) મોહને બનાવેલી મૂર્તિઓ જોઈને લોકોને નવાઈ લાગી.

(૫) ઘરના દરવાજે મોહને રખેવાળની મૂર્તિ મૂકી.

(૬) મોહને વિચાર્યું કે પોતે એવું કામ કરે કે લોકો એને હંમેશાં યાદ રાખે.

(૧) ..........................................................................

(૨) ..........................................................................

(૩) ..........................................................................

(૪) ..........................................................................

(૫) ..........................................................................

(૬) ..........................................................................

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર !**    **તા.**    જોડીકાર્ય |
|---|---|

- નવાપુરા પ્રાથમિક શાળાના મેદાનમાં બસો પચાસ ઝાડ હતાં. ભારે વાવાઝોડાને કારણે તેમાંથી પિસ્તાળીસ ઝાડ પડી ગયાં. શિક્ષકો અને બાળકોએ મળીને નેવું નવાં ઝાડ ઉછેર્યાં. હવે શાળાના મેદાનમાં કેટલાં ઝાડ હશે?

- આ દાખલો ચાર બાળકોએ નીચે મુજબ ગણ્યો છે. તો કોનો દાખલો સાચો છે ? ........

| ટીની | મીની | ચીની | જીની |
|---|---|---|---|
| ૨૫૦ | ૨૫૦ | ૨૫૦ | ૨૫૦ |
| - ૪૫ | - ૪૫ | - ૪૫ | ₹ ૪૫ |
| ૨૧૫ | ૨૧૫ | ૨૦૫ | ૨૯૫ |
| ₹ ૯૦ | ₹ ૯૦ | - ૯૦ | - ૯૦ |
| ૩૦૫ | ૨૯૫ | ૧૧૫ | ૨૦૫ |

| ૩ | **પ્રવૃત્તિ : ચિત્ર પર ચર્ચા** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- તમારા અંગ્રેજીના પાઠયપુસ્તકના પાના નં. ૮ પરના ચિત્રનું વર્ણન તમારા મિત્ર સામે કરો. નીચેના જેવા મુદ્દાઓ વિશે ચર્ચા કરો.
- ફુગ્ગો અને પતંગ ઊડતાં ઊડતાં કેવી વાતો કરતાં હશે ?
- ફુગ્ગો અને પતંગ ઊડતાં ઊડતાં પોતાની કેવી કાળજી રાખતાં હશે ?

| ૪ | **પ્રવૃત્તિ : વાહ ભાઈ વાહ !** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- ફકરો વાંચી ખોટા શબ્દો છેકી નાખો.હવે આ ફકરો ફરીથી વાંચો.

એક હતો **ઊંચી** / **ઊંચું** / **ઊંચો** / **ઊંચા** ટેકરો, ટેકરા ઉપર **નાનકડી** / **નાનકડા** / **નાનકડું** ઘર, એ ઘરમાં ઘરડાં સમજુબા રહે. સમજુબાની સાથે રહે એમની **બે** / **ત્રણ** / **ચાર** દીકરીઓ. એકનું નામ હેલી, **પહેલી** / **બીજી**નું નામ સાહેલી. એમણે પાળી એક **રૂપાળો** / **રૂપાળું** / **રૂપાળી** ચકલી. ચકલી ચણચણ કરે, સાહેલી આખો દિવસ ગણગણ કરે. અને હેલી આખો દિવસ ભણભણ કરે. એક દિવસ બધાં **ગાઢ** / **ગાઢી** / **ગાઢો** જંગલમાં ગયા. ત્યાં રહે ચકલીનો **પાકું** / **પાકો** / **પાકી** મિત્ર. ચકલીએ મોટી / મોટા બૂમ પાડી. હેલી અને સાહેલીની નવાઈનો પાર ન રહ્યો. ખબર છે કેમ? ચકલીનો મિત્ર એક **દુબળી પાતળી** / **દુબળો પાતળો** / **દુબળું પાતળું** હાથી હતો !

| ૫ | **પ્રવૃત્તિ : ચિત્રવર્ણન** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચેના ચિત્રને જોઈને તેનું વર્ણન કરો. પહેલાં ચર્ચા કરો ત્યાર બાદ પાંચ વાક્યો લખો.



.............................................

.............................................

.............................................

.............................................

.............................................

.............................................

.............................................

.............................................

ચિત્ર જોઈને તમને જે થયું તે વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૬ | **પ્રવૃત્તિ : વાંચનની સમજ** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

• નીચેનો ફકરો વાંચો અને એના પરથી પ્રશ્નોના જવાબ લખો.

(સૌજન્ય ગુજરાત સમાચાર -૨૩/૦૨/૨૦૧૯)

બેટમેન એ કાલ્પનિક પાત્ર છે. આ પાત્રને અમેરિકાના ડીસી કોમિક્સ દ્વારા જગત સમક્ષ રજૂ કરાયું હતુ. બેટમેનના આ પાત્રને એનિમેશન કલાકાર બોબ કેન અને લેખક બિલ ફિંગર દ્વારા બનાવવામાં આવ્યું હતુ. પ્રથમ વખત બેટમેન ૧૯૩૯માં ડિટેક્ટિવ કોમિક્સ ૨૭માં દેખાયો હતો. આ કોમિક્સ બાદ બેટમેન વિશ્વભરમાં પ્રચલિત થયો હતો અને ત્યાર બાદ બેટમેનના નામથી કોમિક્સ બહાર પડ્યાં. મૂળ બેટમેન તરીકે ઓળખાતા આ પાત્રને ડાર્ક નાઈટ તરીકે પણ ઓળખવામાં આવે છે. આટલી પ્રસિદ્ધિ પછી રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મોમાં તેને દર્શાવવામાં આવ્યું. ત્યાર બાદ તેનાં રમકડાં અને વીડિયો ગેમ પણ વેચાવા લાગ્યાં. દિગ્ગજ ફિલ્મ મેકર્સ દ્વારા બેટમેન વિશે અનેક ફિલ્મો બની છે.

(૧) બેટમેન કાલ્પનિક પાત્ર છે એટલે ......

(ક) બેટમેન કલ્પનાબેનનો ગ્લાસ છે.

(ખ) બેટમેન વિચારોની દુનિયાનું એક પાત્ર છે.

(ગ) બેટમેન એટલે બેટ પકડીને ચાલતો માણસ.

(૨) બેટમેનને જગત સમક્ષ રજૂ કરાયું એટલે...

(ક) જગત નામના ભાઈએ બેટમેનને જોયો.

(ખ) જગતભાઈએ બેટમેન સામે નૃત્ય રજૂ કર્યું.

(ગ) બેટમેનને દુનિયા સામે મૂકવામાં આવ્યું.

(૩) બેટમેન વિશ્વભરમાં પ્રચલિત થયો એટલે....

(ક) બેટમેનને દુનિયાના લોકોએ પસંદ કર્યો.

(ખ) બેટમેને દુનિયાભરનો પ્રવાસ કર્યો.

(ગ) બેટમેને દુનિયાનો પગપાળો પ્રવાસ કર્યો.

(૪) બેટમેન બિલ ફિંગર દ્વારા બનાવવામાં આવ્યું એટલે....

(ક) બેટમેન બિલની ફિંગર એટલે આંગળીઓથી બનાવ્યું.

(ખ) બેટમેન ફિંગર એટલે આંગળીના બિલથી બનાવ્યું.

(ગ) બેટમેન બિલફિંગર નામના માણસે બનાવ્યું.

(૫) બેટમેનના નામથી કોમિક્સ (ચિત્રવાર્તા) બહાર પડ્યાં એટલે....

(ક) બેટમેનની ચિત્રવાર્તા દુકાનની બહાર પડી ગઈ.

(ખ) બેટમેનના નામની ચિત્રવાર્તાની ચોપડીઓ બનાવવામાં આવી.

(ગ) બેટમેનના નામની લેખકે ચિત્રવાર્તા લખી.

| ૭ | **પ્રવૃત્તિ : જોડકું** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- 'અ' વિભાગમાં આપેલ જૂથની યાદીમાં 'બ' વિભાગમાંથી ઉમેરી શકાય તેવું યોગ્ય નામ ચર્ચા કરી પસંદ કરીને જોડકાં જોડો.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | હાથી, ચિત્તો, દીપડો | ● | બકરી |
| ૨ | બગલો, હંસ, કાગડો | ● | આંબો |
| ૩ | લીમડો, વડ, પીપળો | ● | જીભ |
| ૪ | ગાય, ભેંસ, ઘેટું | ● | બતક |
| ૫ | આંખ, કાન, નાક | ● | શિયાળ |

| ૮ | **પ્રવૃત્તિ : મુખવાચન** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- જૂથમાં બેસી વારાફરતી તમારા શિક્ષક સૂચના આપે તે મુજબ પાઠ ૧૫ વાંચો (જૂથનો દરેક વિદ્યાર્થી મુખવાચન કરશે. એક વિદ્યાર્થી મુખવાચન કરે ત્યારે અન્ય વિદ્યાર્થીઓ પણ સાથે જ પોતાના પુસ્તકમાંથી મૂકવાચન કરે.)

| ૯ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- શિક્ષકે ધોરણ-૩ ગુજરાતી પાઠ્યપુસ્તકના પાના નંબર ૮૦ પરના બીજા ફકરા 'ઝાડીમાં બેઠેલો...નાસભાગ મચી ગઈ.'નું શ્રુતલેખન કરાવવું.

| ૧૦ | **પ્રવૃત્તિ : ભૂલ શોધો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- અહીં આપેલાં વાક્યો લખતી વખતે મને ઊંઘ આવતી હતી, આથી એક શબ્દના બદલે બીજો શબ્દ લખાઈ ગયો છે. જ્યાં મારી ભૂલ દેખાય તે શબ્દ નીચે લીટી કરો પછી તે શબ્દ સુધારીને ત્યાં જ લખો.

૧. એક દિવસ વિજય અને વિવેક નામના બે ચિત્રો માળાએ જઈ રહ્યા હતા.

૨. તેમની માથે અભ્યાસ કરતી ફાજલનો અકસ્માન થયો.

૩. કાજલને ઘણી પીજા થઈ હતી.

૪. બંતે ચિત્રો કાજલને હવાખાને લઈ ગયા.

૫. આ રાતની જ્યારે સાહેબને બખર પડી ત્યારે સાહેબે ઈજાને મદદ કરવા બદલ શાબાશી આપી.

# આઠમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : કોણ બોલ્યું હશે?** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- નીચેનાં વાક્યો કોણ બોલ્યું હોઈ શકે તે લખો અને વર્ગમાં રજૂ કરો.
  - (૧) "શેઠજી ! ભીડ પડી છે. મારે થોડા રૂપિયા જોઈએ છે." ................
  - (૨) " વાહ, ડાઘિયા, વાહ ! તેં તો મને અનેકગણું બચાવી આપ્યું." ................
  - (૩) "અરે! આ મારો ડાઘિયો શેઠને ત્યાંથી ભાગી આવ્યો કે શું ?" ................
  - (૪) "અરેરે! મેં આ શું કરી નાંખ્યું ? મારો વિશ્વાસુ ડાઘિયો ખોયો." ................

| ૨ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- o ટાઢથી બચવા ......... કપડાં પહેરાય છે.
- o ગરમીથી બચવા ......... કપડાં પહેરાય છે.
- o છાતી અને માથા વચ્ચેના ભાગને ......... કહે છે.
- o વડના ઝાડ પર ......... પાકે છે.
- o પાંદડાંનો રંગ ......... હોય છે.

| ૩ | **પ્રવૃત્તિ : ગમતી પેટર્ન** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ગણિત પાના નં. ૩ પર આપેલી ઈંટોની પેટર્ન જોઈ કઈ પેટર્ન તમને સૌથી વધુ ગમી, તેની ચર્ચા કરો.

| ૪ | **પ્રવૃત્તિ : શબ્દરમત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- શબ્દનો પ્રથમ અક્ષર એ જ રાખી પ્રાસવાળા બે-બે નવા શબ્દો બનાવો.

ઉદાહરણ- કરા : કલા, કથા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | જટા | | | (૬) | મોલ | | |
| (૨) | ચાર | | | (૭) | પારો | | |
| (૩) | જીન | | | (૮) | હોળી | | |
| (૪) | તાપી | | | (૯) | ખાનું | | |
| (૫) | મીતા | | | (૧૦) | કંસ | | |

| ૫ | **પ્રવૃત્તિ : ભોજન મારા ભાઈબંધોનું** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- પ્રાણીઓનાં નામની સાથે તેમના ખોરાકને જોડીને વાક્ય બનાવો.

  ઉદાહરણ- સિંહ → માંસ

  વાક્ય : સિંહનો ખોરાક માંસ છે. અથવા સિંહ માંસ ખાય છે.

- આ વાક્યો સૌને વાંચીને સંભળાવો.

| | **અ** | | **બ** |
|---|---|---|---|
| ૧ | સિંહ | • | અનાજ |
| ૨ | હરણ | • | જીવજંતુ |
| ૩ | કબૂતર | • | માંસ |
| ૪ | બગલો | • | ઘાસ |
| ૫ | પતરંગો | • | માછલી |

વાક્યો : ૧. ...................................................................

૨. ...................................................................

૩. ...................................................................

૪. ...................................................................

૫. ...................................................................

| ૬ | **પ્રવૃત્તિ : ચિત્ર પર ચર્ચા** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા અંગ્રેજીના પાઠ્યપુસ્તકના પાન નં. ૨૪ના ચિત્રને જુઓ અને નીચેના પ્રશ્નોના અવનવા ઉત્તરોની ચર્ચા તમારા મિત્રો સાથે કરો.

  ૧. આ ચિત્ર શેનું છે?

  ૨. આ ચિત્રમાંના હાથીઓને તમે કયાં નામો આપશો ?

  ૩. ત્રણે હાથીઓનાં વાજિંત્રોમાંથી તમને શું વગાડવું ગમે ?

  ૪. આ વાજિંત્ર તમે ક્યાં જોયું છે ?

  ૫. આ વાજિંત્ર વગાડતાં-વગાડતાં તમે કયું ગીત ગાવાનું પસંદ કરશો.

  ૬. જૂથના બધા મિત્રો સાથે મળીને એક ગીત વર્ગ સમક્ષ ગાઓ.

| ૭ | **પ્રવૃત્તિ : વર્ણન**     **તા.**     વ્યક્તિતગતકાર્ય |
|---|---|

- ગઈકાલે તમે શાળામાં શું શું કર્યું તે અંગે પાંચેક વાક્યોમાં વર્ણન લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

| ૮ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો**     **તા.**     જોડીકાર્ય |
|---|---|

- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.

(ભરાય, દિવસે, મોજ, નજીક, તહેવાર, ખાવા, ચકડોળમાં, જુદાં-જુદાં)

જન્માષ્ટમીના .......... ખૂબ મજા આવે. આ .......... વર્ષમાં એક વાર આવે છે. દરેક ગામમાં મેળા .......... છે.એટલે બાળકોને ખૂબ મજા આવે છે. જુદા જુદા પ્રકારનાં .......... માં બેસવા મળે, સારું સારું .......... મળે, .......... રમકડાં પણ મળે. ગામની .......... તળાવ કે નદી હોય તો ધુબાકા મારીને નહાવાની પણ ..........આવી જાય.

## નવમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : આ તો ભાઈ નવાઈ !** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- તમારી આસપાસની કઈ-કઈ વસ્તુઓ જોઈને તમને ખૂબ નવાઈ લાગે છે તેની વાત તમારા મિત્રને કરો.

| ૨ | **પ્રવૃત્તિ : શું શું બન્યું હશે ?** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ગુજરાતી પાઠ્યપુસ્તકમાંથી ‘કલાકારની ભૂલ’ પાઠ વાંચો.
- શિલ્પીની મૂર્તિ બનાવવાની આવડતથી નીચેનામાંથી શું શું થયું તે શોધો અને તેની આગળ ✓ કરો.

  (૧) ચોર મૂર્તિ ઉપાડી ગયા.

  (૨) શિલ્પીના મામા મિત્રની મૂર્તિને મીઠાઈ અપાવવા લઈ જવાનો આગ્રહ કરતા.

  (૩) મોહને પોતાનાં રૂપ, રંગ અને આકાર ધરાવતી અગિયાર મૂર્તિઓ બનાવી.

  (૪) મૂર્તિઓ વચ્ચે ઊભેલા મોહનથી આંખ પટપટાવાઈ ગઈ ને દૂત એને ઓળખી ગયો.

  (૫) યમરાજે મોહનની મૂર્તિ બનાવવાની આવડત પર ખુશ થઈ તેને જીવતો રાખવાની દૂતને સૂચના આપી.

| ૩ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર !** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- તમારા ગણિતના પાઠ્યપુસ્તકના પાના નં. ૧૭ પર આપેલો કોઠો જુઓ અને ચર્ચા કરી નીચેના પ્રશ્નોના જવાબ મેળવો.
- તમારા જૂથના જવાબ વર્ગમાં રજૂ કરો.
  - o જવીઅર એસ. તમારી શાળામાં આવે તો શાળાની કઈ કઈ વસ્તુઓને કૂદી શકે? (ઉદાહરણ- ખુરશી, ગુલાબનો છોડ...)
  - o અંજુ જી. તમારી શાળામાં આવે તો શાળામાં કઈ કઈ વસ્તુઓને કૂદી શકે ? (ઉદાહરણ- ધરોનો ક્યારો, કબડ્ડીનું આડું મેદાન...)
  - o ઊંચો કૂદકો મારીને કોણ કોણ તમારા વર્ગની છતને અડકી શકે?
  - o ચારેય મિત્રો એક જ લાઈનમાં સૂઈ જાઓ તો કોણ તમને બધાને એક સાથે કૂદી શકે?
  - o તમે ચાર મિત્રોમાંથી ત્રણ મિત્રો એકની ઉપર એક એમ ઊભા રહો તો કયો ખેલાડી તમને બધાને એક સાથે કૂદી શકે ?

| ૪ | **પ્રવૃત્તિ : કાન ક્યાં?** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- પાન નંબર ૮ પરનું ચિત્ર જુઓ. કાન બદલાવાથી આ પ્રાણીઓ શી વાતચીત કરતાં હશે તે મિત્રો સાથે વાતચીત કરીને નક્કી કરો.

  ઉદાહરણ- હાથી : (સસલાને) સસલાભાઈ સસલાભાઈ આજે તો જબરું થયુ આજે સવારે મારી ડોક પર માખી બેઠી. મેં રોજની જેમ મારા કાનથી એને ઊડાડવાનો પ્રયત્ન કર્યો, પણ માખી ઊડે જ નહીં, ઊડે જ નહીં મને નવાઈ લાગી. પછી હું નદીમાં પાણી પીવા ગયો ત્યારે પાણીમાં જોયું. ઓત્તારી ! આ કાન તો મારા નથી ! તો મારા કાન ગયા ક્યાં? હવે હું મારા કાન શોધવા નીકળ્યો છું.

| ૫ | **પ્રવૃત્તિ : જોડકું** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ‘અ’ વિભાગમાં આપેલ યાદીમાં ‘બ’ વિભાગમાંથી ઉમેરી શકાય તેવું યોગ્ય નામ ચર્ચા કરી પસંદ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | બસ, રિક્ષા, વિમાન | ● | માળો |
| ૨ | ખેડૂત, સુથાર, દરજી | ● | આગગાડી |
| ૩ | નદી, તળાવ, સાગર | ● | ચમચી |
| ૪ | બખોલ, ઘર, ગુફા | ● | મોચી |
| ૫ | થાળી, લોટો, વાટકી | ● | સરોવર |

| ૬ | **પ્રવૃત્તિ : પૈસાનો પ્રોગ્રામ** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- તમને અચાનક તમારા પપ્પા બોલાવીને ૫૦૦૦ રૂપિયા આપે છે. તમારે કોઈપણ ૬ વસ્તુઓ ખરીદીને આ પૈસા વાપરી દેવાના છે. તો તમે આ પૈસાથી કઈ કઈ વસ્તુઓ ખરીદશો તેની ચર્ચા તમારા મિત્રો સાથે કરો અને લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

| ૭ | **પ્રવૃત્તિ : તો હું ...** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ઉદાહરણ- જો ખાવાની વાત આવે તો હું ભીમ છું.
  - o ઝાડ પર ચડવાની હરીફાઈ રાખવામાં આવે તો હું .......... છું.
  - o જો ..........ની વાત આવે તો હું વાંદરો છું.
  - o જો તરવાની વાત આવે તો હું .......... છું.
  - o જો ..........ની વાતઆવે તો હું ચિત્તો છું.
  - o જો ગરબા રમવાની વાત આવે તો હું .......... છું.

| ૮ | **પ્રવૃત્તિ : ફેન્ટાસ્ટિક ફન** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- મજાનો ટુચકો

  શિક્ષક : ગુજરાતનું પાટનગર ક્યાં આવેલું છે?

  વિદ્યાર્થી : મારી આસપાસની ચોપડીના પાન નં. ૨૫ પર આવેલું છે.

| ૯ | **પ્રવૃત્તિ : તમારા શિક્ષક બોલે તે લખો.** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- પાંચ - છ વાક્યોના એક ફકરાનું શ્રુતલેખન કરાવવું

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

# દસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : મારી દુનિયા રંગરંગીલી** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા વર્ગની વસ્તુઓને તમને મનગમતા રંગે રંગવાની છે. તમને કઈ વસ્તુના રંગમાં ફેરફાર કરવાનું ગમે ? કઈ વસ્તુને કયા રંગમાં રંગો, એ બાબતે તમારા મિત્રો સાથે ચર્ચા કરી લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

| ૨ | **પ્રવૃત્તિ : વિકલ્પ પસંદ કરો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- સાચો વિકલ્પ પસંદ કરો. વર્ગમાં રજૂ કરો.

(૧) ''પણ એ ભૂલને લીધે આ મૂર્તિઓની કિંમત સાવ તુચ્છ છે !''

આ વાક્યમાં 'કિંમત' એટલે શું?

(અ) મૂલ્ય (બ) હિંમત (ક) પૈસા (ડ) શોભા

આ વાક્યમાં 'તુચ્છ' એટલે શું?

(અ) મોંઘેરી (બ) વધારે (ક) નજીવી (ડ)નકામી

(૨) ''તું મૂર્તિઓ સર્જવામાં નિષ્ણાત છો?''

આ વાક્યમાં 'નિષ્ણાત' એટલે શું?

(અ) મૂર્ખ (બ) હોશિયાર (ક)કાચો (ડ) શિખાઉ

(૩) ''એનું આયુષ્ય પૂરું થઈ ગયું છે એટલે એને જીવતો રાખવાનો નથી.''

આ વાક્યમાં 'આયુષ્ય' એટલે શું?

(અ) અવધિ (બ) બેલેન્સ (ક) ઉંમર (ડ) સમય

### ૩ | પ્રવૃત્તિ : કવિતામાંથી વાક્ય　　તા.　　જોડીકાર્ય

- ધોરણ-૪ ગણિતના પાઠ્યપુસ્તકના પેજ નંબર ૨૨ પર આપેલ કવિતાને ફકરાની જેમ સાદાં વાક્યોમાં લખો અને વર્ગમાં રજૂ કરો.

  ઉદાહરણ- મને પતંગ બનવાની ઈચ્છા છે. અથવા હું પતંગ બનવા માંગું છું.

### ૪ | પ્રવૃત્તિ : શબ્દરમત　　તા.　　જોડીકાર્ય

- બે-બેની જોડીમાં બેસો
- તમારા જોડીદાર સાથે ચર્ચા કરી આપેલા અક્ષરોમાં છુપાયેલા શબ્દો ઉદાહરણ પ્રમાણે શોધો.
- પહેલો શબ્દ મળે ત્યારે તેના અક્ષરો ફરતે ગોળ કરો અને લખી લો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માખી | વ | મા | ર | સા | ખી | દ | વરસાદ |
| | ચ | સા | ક | ર | લી | સ | |
| | બિ | મા | લા | છ | ડી | લી | |
| | બ | રા | ખ | જા | ડી | ર | |
| | તો | દી | વા | ર | ણ | લ | |
| | ક | ટ | વ | પા | ર | લી | |

### ૫ | પ્રવૃત્તિ : ચિત્ર પર ચર્ચા　　તા.　　જૂથકાર્ય

- ધોરણ-૪ના પર્યાવરણ – આસપાસના પાના નંબર ૧૦૧ પરનું ચિત્ર જોઈને પ્રશ્નો વિશે ચર્ચા કરો.
- ચિત્રમાં કેટલી માછલીઓ છે ?
- આ માછલીઓ એકબીજા સાથે શી વાતો કરતી હશે ?
- ચિત્રમાં કયાં કયાં પ્રાણીઓ છે ?
- કેટલા પ્રકારનાં વૃક્ષો દેખાય છે ?
- તમે આ વર્ષે કેટલાં વૃક્ષો વાવ્યાં ? કયાં કયાં ?

| ૬ | **પ્રવૃત્તિ : ઉલટ – સૂલટ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- 'સોનેરી પંખી' વાર્તાનાં વાક્યોના ક્રમ આડાઅવળા થઈ ગયા છે. એ વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો અને લખો.
- તમારા જવાબ વર્ગમાં રજૂ કરો.

(૧) મારી તબિયત સુધરવા લાગી.

(૨) મારા મામા અમારા ઘરે બે-ત્રણ દિવસ રોકાયા.

(૩) મારા મામાને મારી વધુ પડતી ઊંઘની ખૂબ નવાઈ લાગી.

(૪) મારા વહેલા ઊઠવાથી મારાં મમ્મી-પપ્પા ખુશ થયાં.

- ઉપરનાં વાક્યો નંદનની પથારી બોલે એ રીતે ફરીથી લખો.

(૧) ................................................................................

(૨) ................................................................................

(૩) ................................................................................

(૪) ................................................................................

| ૭ | **પ્રવૃત્તિ : આગળ - પાછળ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- આગળ, પાછળ કે વચ્ચે એક અક્ષર ઉમેરી અર્થપૂર્ણ શબ્દો બનાવો.
- ઉદાહરણ- જર : ગાજર

બરી : ............... વેલ : ...............

કડિ : ............... લાબી : ...............

પિયો : ............... પૈયું : ...............

બારી : ............... બફ : ...............

કાન : ............... ટલો : ...............

| ૮ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન**    **તા.**    વ્યક્તિગતકાર્ય |
|---|---|

- તમારા શિક્ષક લખાવે તે મુજબ લખો.
- શિક્ષક માટે : પાંચ-છ લીટીના એક સળંગ ફકરાનું શ્રુતલેખન કરાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

| ૯ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો**    **તા.**    જોડીકાર્ય |
|---|---|

- 'અ' વિભાગના અડધાં વાક્યોને પૂર્ણ કરવા માટે 'બ' વિભાગમાંથી અડધાં વાક્યો પસંદ કરો. પછી સાચાં આખાં વાક્યો નીચે લખો.

| વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|
| ૧. મને રાત્રે બીક લાગતી હતી | ૧. એટલે મેં તો ટાલ જ કરાવી. |
| ૨. આજે અમારા શિક્ષક આવ્યા નથી | ૨. એટલે અમે રમવા ગયાં. |
| ૩. ભણતાં ભણતાં કંટાળો આવ્યો | ૩. એટલે પાણી ગાળીને પીવું જોઈએ. |
| ૪. આપણને રોગ ન થાય | ૪. એટલે હું બીજી સવારે ખેતરમાં ગયો. |
| ૫. વારંવાર વાળ કપાવવા ન જવું પડે | ૫. એટલે બે વર્ગો ભેગા કર્યા છે. |

(૧) ..........................................................................

(૨) ..........................................................................

(૩) ..........................................................................

(૪) ..........................................................................

(૫) ..........................................................................

# અગિયારમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાર્તા રે વાર્તા** | **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|---|

- તમે સાંભળી અથવા વાંચી હોય એવી કોઈ એક વાર્તા તમારા જૂથમાં કહો ત્યારબાદ જૂથની સૌથી સારી વાર્તા વર્ગ સમક્ષ કહો.

| ૨ | **પ્રવૃત્તિ : પ્રશ્નોત્તરી** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- કોઈપણની મદદ વગર ધોરણ – ૪ ગણિતના પાઠ્યપુસ્તકના પેજ ૩૩ પર આપેલ રાનીની રોજનીશીનાં પાનાં જુઓ અને તેને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) મુન્નીનો જન્મ કયા વર્ષે થયો છે? ................................................

(૨) મુન્નીનો બર્થ-ડે કયા મહિનામાં આવે છે? ..........................................

(૩) મુન્નીની જન્મતારીખ કઈ છે? ..................................................

(૪) મુન્નીનો પ્રથમ દાંત કેટલા મહિને આવ્યો? ........................................

(૫) મુન્ની બેસતાં શીખી ત્યારે કેટલા મહિનાની થઈ ગણાય? ............................

(૬) મુન્ની ભાખોડિયાં ભરતી થઈ અને બેસતાં શીખી એ બેની વચ્ચે કેટલો સમયગાળો છે? ......................................................................

(૭) કેળું ખાધું તે વખતે મુન્નીની ઉંમર કેટલી ગણાય? ..................................

(૮) મુન્નીને પ્રથમ દાંત કયા મહિનામાં આવ્યો? .......................................

(૯) મુન્ની ઊભા રહેતાં શીખી તે મહિનામાં કયો તહેવાર આવે છે? ........................

(૧૦) મુન્ની કેટલા મહિનાની થઈ ત્યારે ચાલતાં શીખી? ................................

(૧૧) ભાખોડિયાં ભરવાં એટલે શું ?...................................................

| ૩ | **પ્રવૃત્તિ : ગાઓ તમારું ગીત** | **તા.** | જૂથકાર્ય |
|---|---|---|---|

- રાતાં ''ફૂલ'' કવિતામાં ''ભમર રે રંગ ડોલરિયો''ની જગ્યાએ ''છમાક છમછમ છમ્માછમ'' મૂકી આખી કવિતા ગાઓ.

| ૪ | **પ્રવૃત્તિ : ખોટું છેકો-સાચું રાખો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ખોટા શબ્દપ્રયોગની ઉપર છેકો મારો.
- વર્ગમાં રજૂ કરો.

(૧) મામાના લગ્નમાં હું **બનીઠનીને** / **ભણીગણી**ને ગયો.

(૨) રાકેશ **સજીધજીને** / **ખાઈપી**ને ઊંઘી ગયો.

(૩) અમે **ભણીગણીને** / **હરીફરી**ને ગામની સેવા કરીશું.

(૪) અમે મેળામાં **વાંચી લખીને** / **હરીફરી**ને પાછાં આવ્યાં.

(૫) શબાના ઈદના દિવસે **સજીધજીને** / **ભણીગણી**ને માસીના ઘરે ગઈ.

(૬) સૂરજ **બનીઠનીને** / **વાંચીલખી**ને રમવા ગયો.

| ૫ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- ખાલી જગ્યામાં જે-તે પ્રાણીના યોગ્ય અંગનું નામ લખો.

(૧) હાથીની .......... લાંબી હોય છે.

(૨) ઊંટની .......... લાંબી હોય છે.

(૩) ગાયની ..........લાંબી હોય છે.

(૪) સસલાના ..........લાંબા હોય છે.

(૫) રીંછના .......... લાંબા હોય છે.

| ૬ | **પ્રવૃત્તિ : વિચારણાનો વિચાર** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- અંગ્રેજી પાઠ્યપુસ્તકની પાછળ-અંદરની બાજુએ આપેલ પક્ષીવાળા ચિત્રને ધ્યાનથી જુઓ અને આ ચકલી શું વિચારતી હશે તેની ચર્ચા તમારા મિત્રો સાથે કરો. ચકલીના વિચાર નીચે આપેલી જગ્યામાં લખો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

## ૭ | પ્રવૃત્તિ : મારો શબ્દકોઠો    તા.    જોડીકાર્ય

- નીચે આપેલી ચાવીઓ પરથી કોઠામાં આડા, ઊભા, ત્રાંસા જવાબો લખી તમારો શબ્દકોઠો બનાવો.
- શબ્દકોઠાના ખાલી ખાનામાં મનગમતા અક્ષરો મૂકી કોઠો તૈયાર કરો.
- તમારા જોડીદાર / દોસ્તાર સાથે તમારી વર્કબુક અદલાબદલી કરો.
- જે સૌથી પહેલા ચાવીઓ પરથી કોઠામાં છુપાયેલાં નામ શોધી કાઢે તે વિજેતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(૧) તમારા જિલ્લાનું નામ

(૨) આપણા દેશનું નામ

(૩) તમારા તાલુકાનું નામ

(૪) આપણા રાજ્યનું નામ

(૫) તમારા ગામ/શહેરનું નામ

(૬) તમને ગમતો એક તહેવાર

(૭) તમારા આચાર્યનું નામ

(૮) તમને ગમતી રમત

(૯) તમારા પડોશીગામનું નામ

(૧૦) તમારું પોતાનું નામ.

## ૮ | પ્રવૃત્તિ : ખાલીજગ્યા પૂરો    તા.    જોડીકાર્ય

- ઉદાહરણ મુજબ ખાલીજગ્યા પૂરો.

ઉદાહરણ- **એક કૂતરું :** **બે કૂતરાં**

૧. એક છોકરો : બે ....................................

૨. એક .................... : ઘણી માછલીઓ

૩. એક માટલું : ....................................

૪. એક ચોપડી : ....................................

૫. એક છોકરું : બે ....................................

| ૯ | **પ્રવૃત્તિ : સંવાદ પૂર્ણ કરો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચે આપેલાં વાક્યોમાંથી યોગ્ય વાક્ય પસંદ કરી સંવાદ પૂર્ણ કરો.

  - મામાને ઘરે ગયેલો.
  - એમ, એવું તો શું થયું હતું કાલે ?
  - ના ના, ગીતો પણ ગાયાં અને સાંજે અડધો કલાક રમ્યાં અને ધમાલ કરી.
  - મને પણ મામાના ઘરે મજા આવી હતી.

સંવાદ :

મીના : કાલે કેમ નિશાળે નહોતો આવ્યો?

રાજુ : ..............................................

મીના : કાલે નિશાળમાં બહુ મજા આવી.

રાજુ : ..............................................

મીના : સાહેબે મસ્ત વાર્તા કહી.

રાજુ : બસ એટલું જ?

મીના : ..............................................

રાજુ :..............................................

મીના : પણ, અમારા જેવી તો નહીં જ.

# બારમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : પંક્તિ બનાવો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- ઉદાહરણ મુજબ પંક્તિ બનાવી લખો અને ગાઓ.

ઉદાહરણ- પોપટડાની ચાંચને બદલે પાંખની પંક્તિ

એક ડાળ માથે પોપટડો
પોપટડે લીલી પાંખ
ભમર રે રંગ ડોલરિયો

(૧) પારેવડાની આંખને બદલી પાંખની પંક્તિ -

........................................................................
........................................................................
........................................................................

(૨) મરઘાની માંજરને બદલે પૂંછની પંક્તિ -

........................................................................
........................................................................
........................................................................

(૩) મો'લ માથે 'મરઘલડો'ને બદલે 'મોરલિયો' હોય તેવી પંક્તિ -

........................................................................
........................................................................
........................................................................

| ૨ | **પ્રવૃત્તિ : સાચું - ખોટું** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ધોરણ – ૪ ગણિતના પાઠ્યપુસ્તકના પેજ નં. ૪૬ પર આપેલ બે પત્રો વાંચો અને તેના પરથી નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો.

(૧) તારીખ ૧૫/૦૫/૨૦૧૮ના રોજ અલી તેની નાનીના ઘરે હશે. ☐
(૨) તારીખ ૦૬/૦૬/૨૦૧૮ના રોજ શબાના ગોવાના દરિયાકિનારે હોઈ શકે. ☐
(૩) પ્રવાસમાંથી પાછા આવ્યા બાદ અલી અજમેર જવાનો પ્રયત્ન કરશે. ☐
(૪) ૦૬/૦૫/૨૦૧૮ના રોજ અલીને વકેશન હશે. ☐
(૫) ૦૪/૦૬/૨૦૧૮ના રોજ શબાના તેની શાળામાં હશે. ☐
(૬) અલીને કુલ ૨૮ દિવસનું વેકેશન મળશે. ☐

| ૩ | **પ્રવૃત્તિ : મોંમાં પાણી** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- આ કોઠાનો અભ્યાસ કરો. તમારા મિત્ર પૂછે એ પ્રશ્નોના ઉત્તર બોલો.આવા બીજા પ્રશ્નો બનાવીને પૂછો.

ફળનો એક નંગનો ભાવ

| કેળાં | સફરજન | ચીકુ | જામફળ | અનનાસ | તરબૂચ |
|---|---|---|---|---|---|
| ૩ રૂપિયા | ૫ રૂપિયા | ૪ રૂપિયા | ૪ રૂપિયા | ૧૫ રૂપિયા | ૨૦ રૂપિયા |

(૧) સોહન સાત સફરજન કેટલા રૂપિયામાં ખરીદશે?

(૨) મીના જો ૬૦/- રૂપિયા આપે તો તેને કેટલા અનનાસ મળશે?

(૩) રાહુલ ચાર કેળાં, ચાર જામફળ અને બે તરબૂચ ખરીદે છે તો તે કેટલા રૂપિયા ચૂકવશે?

(૪) તમારે ૧૫૦/- રૂપિયામાંથી ફળ ખરીદવાનાં છે. તમે કયાં કયાં ફળ લેશો? કેટલાં?

| ૪ | **પ્રવૃત્તિ : ખોટું છેકો – સાચું રાખો** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- નીચેના વાક્યમાં આપેલા બે વિકલ્પો પૈકી ખોટા વિકલ્પ પર છેકો મારો.
- છેકેલા શબ્દ વિશે એ વાક્ય બનાવી વર્ગમાં રજૂ કરો.

(૧) કેરીના ઝાડને **વડ** / **આંબો** કહે છે.

(૨) **મોર** / **બગલા**ને સુંદર પીંછાં હોય છે.

(૩) હાથી **નાનું** / **મોટું** પ્રાણી છે.

(૪) ગાય **ઘાસ** / **માંસ** ખાય છે.

(૫) **સિંહ** / **વાઘ**ને જંગલનો રાજા કહેવાય છે.

| ૫ | **પ્રવૃત્તિ : ચિત્ર પરથી અભિનય** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- તમારા "આસપાસ"ના પાઠ્યપુસ્તકમાં પાન નં. ૨૯ પરનું ચિત્ર જોઈને તમારા જોડીદાર સાથે ચર્ચા કરો. શિક્ષકની સૂચના પ્રમાણે વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૬ | **પ્રવૃત્તિ : અક્ષર બદલો**     **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલ શબ્દોનો કોઈપણ એક અક્ષર બદલી શબ્દો બનાવો અને વર્ગમાં રજૂ કરો.

ઉદાહરણ- ઉંદર – સુંદર

ઉંદર : ...............     અંદર : ...............

પતંગ : ...............     દીવડો : ...............

કાબર : ...............     દરદી : ...............

મગસ : ...............     શરત : ...............

દશમ : ...............     માછલી : ...............

| ૭ | **પ્રવૃત્તિ : હસગુલ્લા**     **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- નીચેનો ટુચકો વાંચો અને એમાં હસવા જેવી વાત કઈ છે એ વિચારો.

નવજાત બાળકીને જોઈને ફોઈ બોલી : "રંગ તો આનો ભાઈ જેવો છે."

માસી બોલી : "આંખ અને નાક મારી બેન જેવાં છે."

ચાર વર્ષની ચારૂ બોલી : "અને દાંત દાદી જેવા છે."

**વિચારો :**

(૧) નવજાત બાળકી એટલે કેવી બાળકી ?

(૨) તમારું શું માનવું છે, દાદીના મોઢામાં કેટલા દાંત હશે?

| ૮ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન**     **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- તમારા શિક્ષક લખાવે તે મુજબ લખો.
- શિક્ષકે પર્યાવરણના પુસ્તકમાંથી પાંચ-છ લીટીના એક ફકરાનું શ્રુતલેખન કરાવવું.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

| ૯ | **પ્રવૃત્તિ : સ્વતંત્રલેખન** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- તમારા ગણિતના પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ-૨ પર ગાંધીજીનું ચિત્ર આપેલું છે. તે ધ્યાનથી જુઓ. તેમાં બીજું શું શું છે તે અંગે તમારા મિત્ર સાથે ચર્ચા કરો, ત્યાર બાદ પાંચ-છ વાક્યોમાં એ ચિત્રનું વર્ણન લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## તેરમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : કેવીક લાગે મને બીક** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- તમારા જોડીદારને કઈ વાતની / શાની સૌથી વધુ બીક લાગે છે? શા માટે એવી ચર્ચા કરો.

| ૨ | **પ્રવૃત્તિ : પંક્તિ શોધો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- નીચે આપેલાં વાક્યો 'રાતાં ફૂલ' કવિતાની કઈ પંક્તિનો અર્થ ધરાવે છે તે શોધીને લખો.

(૧) દરિયાકિનારાની સાંજ સુંદર લાગે છે.
(૨) એક બેનના માથે સેંથીમાં લાલ હિંગોળ પૂર્યો છે.
(૩) મહેલની ઉપર બેઠેલા મરઘાને માથે લાલ માંજર શોભે છે.
(૪) રાતી ભાતવાળી ચૂંદડી એક સ્ત્રીએ માથે ઓઢી છે.
(૫) માતાની કાખમાં રાતા ગાલવાળું બાળક છે.
(૬) પાળિયા પર સિંદૂર ચઢાવેલું છે.

કાવ્યપંક્તિ

(૧) ..................................................................
(૨) ..................................................................
(૩) ..................................................................
(૪) ..................................................................
(૫) ..................................................................
(૬) ..................................................................

| ૩ | **પ્રવૃત્તિ : પંડિત કરો વિચાર** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ધોરણ-૪ના ગણિતના પાઠ્યપુસ્તકના પેજ ૬૩ ઉપર આપેલ "૧ કિગ્રા વર્તમાનપત્રની ...ચૂકવશે .......... રૂપિયા" વાંચો.
- અહીં ૧૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે ૩૦ કિલોગ્રામ વર્તમાનપત્રની કિંમત કેવી રીતે શોધી છે?

રૂા. ૧૫ × ૩૦ કિગ્રા = ૪૫૦ રૂપિયા

આપણે હવે કેટલા કિગ્રા પસ્તીની કિંમત શોધવાની છે? .......... કિગ્રા

તે કિંમત શોધવા માટે શું શું કરી શકાય?

(નીચેના પૈકી કોઈપણ બે જવાબ સાચા છે.)

| | | | |
|---|---|---|---|
| (ક) ૧૫ × ૩૧ | (ખ) ૧૫ ÷ ૩૧ | (ગ) ૧૫ - ૩૧ | (ઘ) ૧૫ ₹ ૩૧ |
| (ચ) ૪૫૦ – ૧૫ | (છ) ૪૫૦ ₹૧૫ | (જ) ૪૫૦ – ૩૧ | (ઝ) ૪૫૦ ₹ ૩૧ |

| ૪ | **પ્રવૃત્તિ : શબ્દ બનાવો          તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલ શબ્દોના કોઈપણ બે અક્ષર દૂર કરી નવા શબ્દો બનાવો.

ઉદાહરણ- મતલબ – તલ

જાનવર : ............... ભરવાડ : ...............

સજીવન : ............... ડહાપણ : ...............

ઈલાયચી : ............... વરસાદ : ...............

ભણતર : ............... શણગાર : ...............

દરવાજો : ............... મુખવાસ : ...............

| ૫ | **પ્રવૃત્તિ : ખોટું છેકો – સાચું રાખો          તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલા શબ્દોના વિકલ્પો અંગે ચર્ચા કરી, ખોટા વિકલ્પ પર છેકો મારી, સાચું વાક્ય બનાવો. છેકેલા શબ્દ વિશે એક નવું વાક્ય બનાવો.

(૧) **મંદિર / મસ્જિદ**માં આરતી થાય છે.

(૨) **કૂતરો / બિલાડી** ઘરની ચોકી કરે છે.

(૩) **દરિયા / નદી**નું પાણી ખારું હોય છે.

(૪) **પારસીઓ / ખ્રિસ્તી**ઓ અગ્નિની પૂજા કરે છે.

(૫) **કુંભાર / સુથાર** માટલાં ઘડે છે.

| ૬ | **પ્રવૃત્તિ : ભાઈ-ભાઈ હરીફાઈ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચેના કોઠાને ધ્યાનથી જુઓ, ત્યાર બાદ તમારા જોડીદાર સાથે બેસી નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવો.

શાળા હરીફાઈ

| ધોરણ | હરીફાઈનું નામ |
|---|---|
| ૧ | માટીકામ, છાપકામ |
| ૨ | દોડ, કાગળકામ |
| ૩ | રંગપૂરણી, ગીત |
| ૪ | લાંબીકૂદ, દેશભક્તિગીત |
| ૫ | ગોળાફેંક, રંગોળી |
| ૬ | નિબંધ, ચિત્ર |
| ૭ | મહેંદી, કેશગૂંફન |
| ૮ | રાખડી બનાવવી, મહેંદી |

પ્રશ્નો

(૧) ધોરણ-૭ અને ૮માં કઈ હરીફાઈ સરખી છે?

(૨) તમારા ધોરણમાં કઈ હરીફાઈ થશે?

(૩) શારીરિક કસરત કઈ કઈ હરીફાઈમાં થશે?

(૪) કાગળનો ઉપયોગ કઈ કઈ હરીફાઈમાં થશે?

(૫) પેન કે પેન્સિલનો ઉપયોગ કઈ કઈ હરીફાઈમાં થશે?

| ૭ | **પ્રવૃત્તિ : ચિત્ર પરથી વાક્ય** **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- તમારા અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં પાન નં. ૫૦ – ૫૧ ૫૨ કુલ છ ચિત્રો આપેલાં છે. આ ચિત્રો પરથી નીચેની વિગતો પૂરી કરો.

  ચિત્ર-૧ : હું ............................................. કરું છું.

  ચિત્ર-૨ : હું .............................................

  ચિત્ર-૩ : હું .............................................

  ચિત્ર-૪ : હું .............................................

  ચિત્ર-૫ : હું .............................................

  ચિત્ર-૬ : હું .............................................

| ૮ | **પ્રવૃત્તિ : વિકલ્પ પસંદગી** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ખાલી જગ્યા વાંચો :
- કૌંસમાંથી યોગ્ય વિકલ્પ જોડીદાર સાથે ચર્ચા કરીને પસંદ કરો.
- ખાલી જગ્યા પૂરો.

  (૧) ઘોડાના પગે ..............હોય છે. (ખરી / ડાબલા)

  (૨) .............. વાઘની માસી કહેવાય છે. (બિલાડી / કૂતરી)

  (૩) .............. જમીન પરનું સૌથી મોટું પ્રાણી છે. (હાથી / જિરાફ)

  (૪) બકરીને ..............આંચળ હોય છે. (બે / ચાર)

  (૫) .............. પાંદડાં સીવીને માળો બનાવે છે. (સુઘરી / દરજીડો)

  (૬) ગાયના બચ્ચાને .............. કહેવાય. (વાછરડું, પાડુ)

| ૯ | **પ્રવૃત્તિ : ભેળસેળ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- નીચેના વાક્યમાં બે વાક્યો ભેગાં થઈ ગયાં છે. એ બંને સાચાં વાક્યો લખો.

  o કબડ્ડી ગઈકાલે ગયા રેબઝેબ રમવાની આવી. પરસેવે થઈ ત્યાં મજા રમ્યા ખૂબ સુધી.

  ૧. ............................................................................

  ૨. ............................................................................

| ૧૦ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- 'અ' વિભાગનાં અડધાં વાક્યોને પૂર્ણ કરવા માટે 'બ' વિભાગમાંથી અડધાં વાક્યો પસંદ કરો. પછી સાચાં આખાં વાક્યો નીચે લખો.

| **વિભાગ – અ** | **વિભાગ – બ** |
|---|---|
| ૧. જો કાળાં વાદળ દેખાય તો | ૧. હું બહુ તોફાન કરીશ. |
| ૨. જો ગંદા હાથે જમીએ તો | ૨. હું બૂમો પાડીશ. |
| ૩. જો મને ગલગલિયાં કરશો તો | ૩. બીમાર પડીએ. |
| ૪. જો રમવા જવા નહીં દો તો | ૪. રમવા જવા દઈશ. |
| ૫. જો ગૃહકાર્ય પૂરું કરશો તો | ૫. વરસાદ આવે. |

(૧)..............................................................................

(૨)..............................................................................

(૩)..............................................................................

(૪)..............................................................................

(૫)..............................................................................

## ચૌદમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : અવલોકન કરવાની કળા** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- "ઊંટ અને ફકીર" વાર્તા વાંચો.
- ફકીરે કયા અવલોકનને આધારે અનુમાન કર્યાં હશે તેની ચર્ચા કરો અને જોડકાં જોડો

| અનુમાન | અવલોકન |
|---|---|
| ૧. ઊંટની જમણી આંખ ફૂટેલી હશે. | ૧. એક બાજુનું પગલું જરા ઓછું દેખાતું હતું. |
| ૨. ઊંટ ડાબે પગે ખોડું હશે. | ૨. કરડેલાં પાંદડાંનો વચમાંનો ભાગ લટકતો રહી ગયો હતો. |
| ૩. ઊંટનો આગલો દાંત તૂટેલો હશે. | ૩. રસ્તામાં એક બાજુ ઘઉં વેરાયેલા હતા. બીજી બાજુ માખીઓ બણબણતી હતી. |
| ૪. ઊંટ પર ઘઉં અને મધ લાદ્યાં હશે. | ૪. રસ્તાની એક જ બાજુનાં ઝાડનાં પાંદડાં કરડેલાં હતાં. |

| ૨ | **પ્રવૃત્તિ : કહો તો ખરા.** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- નીચેના પ્રશ્નનો જવાબ ઝટપટ વિચારીને લખો.
- જે પહેલાં સાચો જવાબ આપશે તે વિજેતા.

(૧) તમારા કાકાના દીકરાના દાદા તમારા શું સગા થાય?...........

(૨) તમારા પપ્પાની બહેનના દીકરાના પપ્પા તમારી બહેનના શું થાય?...........

(૩) તમારાં મમ્મીના ભાઈની પત્નીના પતિનાં મમ્મી તમારાં શું થાય?...........

| ૫ | **પ્રવૃત્તિ : ઊલટ–સૂલટ** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- ચર્ચા કરી ઊલટ–સૂલટ અક્ષરોમાંથી ઉદાહરણ મુજબ શબ્દ બનાવો. તમે બનાવેલા શબ્દો પૈકી બે શબ્દો એક વાક્યમાં આવે તે રીતે પાંચ વાક્ય બનાવો.

ઉદાહરણ- રશીખુ - ખુરશી

વાક્ય : ઢીંગલી ખુરશીમાં બેઠી છે.

| | |
|---|---|
| બદબ : ............... | લીઢીંગ : ............... |
| ફરબ : ............... | સલુંસ : ............... |
| ચોબગી : ............... | કલીચ : ............... |

રોલોટ : ............... કછોરી : ...............
જબારી : ............... ચુંરમ : ...............

૧. ..............................................................................
૨. ..............................................................................
૩. ..............................................................................
૪. ..............................................................................
૫. ..............................................................................

| ૪ | **પ્રવૃત્તિ : ખોટું હોય તે છેકો, સાચું હોય તે રાખો** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- નીચે આપેલાં વાક્યો વાંચો.
- વાાકયમાં આપેલા બે વિકલ્પોમાંથી ખોટા વિકલ્પ પર છેકો મારો અને સાચો વિકલ્પ બાકી રાખો.

(૧) લીંબુનો સ્વાદ **ખાટો** / **ખારો** હોય છે.

(૨) આપણું રાષ્ટ્રીય પ્રાણી **વાઘ** / **સિંહ** છે.

(૩) રોટલી **ઘઉં** / **બાજરી**ના લોટમાંથી બને છે.

(૪) ઊન આપતું પ્રાણી **ઘેટું** / **બકરી** છે.

(૫) ગાયના બચ્ચાને **પાડું** / **વાછરડું** કહે છે.

| ૫ | **પ્રવૃત્તિ : ધ્યાનથી વાંચું છું** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- તમારા ગુજરાતી પાઠ્યપુસ્તકમાંથી પાન નં. ૭૮ પરથી આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.

ફકરો : નવેમ્બર મહિનો ... બંદૂકમાંથી ગોળી છૂટી.

પ્રશ્નો -

(૧) નવેમ્બર પહેલાં અને પછી આવતો મહિનો જણાવો.

(૨) ‘નવેમ્બર મહિનામાં ખૂબ ગરમી પડે. ’ – આ વાક્ય સાચું છે કે ખોટું?

(૩) આ ફકરામાં કયા પ્રાણીની વાત આવે છે?

(૪) સૂર્ય કઈ દિશામાં આથમ્યો હશે?

(૫) આ ફકરામાંથી એવા ત્રણ શબ્દો શોધો જેના વિરુદ્ધાર્થી શબ્દો તમને આવડતા હોય.

| ૬ | **પ્રવૃત્તિ : સાંભળો દઈ કાન, લખો દઈ ધ્યાન.** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- તમારા ગુજરાતી પાઠ્યપુસ્તકમાં પાના નં. ૪૦ પરથી શિક્ષક ગમે તે પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવશે. ધ્યાનથી સાંભળી સુવાચ્ય અક્ષરે વાક્યો લખો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

| ૭ | **પ્રવૃત્તિ : ફનલેન્ડ** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- એક કડકાએ હોટલમાં વેઈટરને પૂછ્યું : ‘‘અહીં સૌથી ગરમ વસ્તુ કઈ છે ?’’
  વેઈટર બોલ્યો : ‘‘પરોઠા’’
  કડકાએ ફરીથી પૂછ્યું : ‘‘એનાથી પણ ગરમ વસ્તુ શું છે ?’’
  તો વેઈટર બોલ્યો : ‘‘પૂરી’’
  કડકાએ ફરી પૂછ્યું : ‘‘તેનાથી ગરમ શું છે?’’
  વેઈટરે અકળાઈને જવાબ આપ્યો : ‘‘એનાથી પણ ગરમ અમારી પાસે તવો છે, કહો તો લઈ આવું !
- કહો જોઈએ?
  - કડકો એટલે કેવો માણસ?
  - આ જોકમાં અંગ્રેજી શબ્દો કયા કયા છે?
  - પૂરી અને પરોઠાની બનાવટમાં શો ફેર છે?

| ૮ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- 'અ' વિભાગનાં અડધાં વાક્યોને પૂર્ણ કરવા માટે 'બ' વિભાગમાંથી અડધાં વાક્યો પસંદ કરો. પછી સાચાં આખાં વાક્યો નીચે લખો.

| વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|
| ૧. મેં આજે નિશાળમાં | ૧. ભણવા બેસાડ્યો. |
| ૨. વંટોળને લીધે સમુદ્રમાં | ૨. છોતરાં ફેંકી દીધાં. |
| ૩. આજે બાપુજીએ મને | ૩. છાલ કચરાપેટીમાં નાખી. |
| ૪. મોસંબી ખાધી અને | ૪. ઘણાં તોફાન કર્યાં. |
| ૫. કેળું ખાધું અને | ૫. મોટું તોફાન આવ્યું. |

| ૯ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- કૌંસમાં આપેલા શબ્દો પૈકી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(તેના, ફાયદો, ૪૦૦૦ રૂપિયા, સ્વતંત્ર, ફળની, તેણે, દુકાન, ૨૦૧૮)

રમેશ.......... ધંધો કરવાનું વિચારતો હતો. .......... પુસ્તકની ..........શરૂ કરવાનું વિચાર્યું હતું. પરંતુ ..........મામાએ કહ્યું કે આપણે ..........દુકાન કરીએ તો વધુ ..........થાય. છેવટે અમે ..........માં દુકાન શરૂ કરી. દુકાન માટે ..........નું ધિરાણ પણ લીધું

## પંદરમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : ભેળપૂરી** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડીમાં બેસો. અહીં રોનકના મામા અને મિત્રના પત્રોનાં વાક્યોની ભેળપૂરી થઈ ગઈ છે. વાક્યો વાંચી મામાના પત્રના વાક્ય સામે (મા) અને મિત્રના વાક્ય સામે (મિ) લખો.

**ઉદાહરણ :**

(૧) તું દોડવામાં પણ કેવો ઝડપી છે. ને ઝાડ પર ચડવામાં તો તું ભલભલાને પાછળ પાડી દે છે. [મિ]

(૨) વહાલા રોનક, શુભાશિષ [મા]

(૧) બેટા તું આજકાલ રમવામાં બહુ ધ્યાન આપે છે. [ ]

(૨) નવાઈ લાગી ? રોનકને બદલે રોનકેન્દ્ર કેમ? [ ]

(૩) વળી, તું ઝાડ પર ચડ્યો? રોનક તારે ભણવામાં ધ્યાન આપવું જોઈએ. [ ]

(૪) તો સાંભળ, ગઈકાલે જ ટી.વી.માં મેં બાહુબલિ પિક્ચર જોયું. [ ]

(૫) ઝાડ પર ચડવામાં ક્યાંક તને વાગી જાય તો? [ ]

(૬) એ જોઈને મને તું યાદ આવી ગયો. [ ]

(૭) એટલે હું તો તને રોનકેન્દ્ર બાહુબલિ જ કહીશ. [ ]

(૮) હવે તું ડાહ્યો થઈને ભણશે એવી આશા રાખું છું. [ ]

(૯) લિ. કનુમામા. [ ]

(૧૦) તેં પણ એ દિવસે કૂતરાના મોંમાંથી કબૂતરને છોડાવ્યું હતું. [ ]

(૧૧) લિ. તારો દોસ્ત, પ્રીતેશ [ ]

(૧૨) પ્રિય મિત્ર રોનકેન્દ્ર બાહુબલિ [ ]

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- સુરેશ પાસે ત્રાજવાં અને ૧ કિગ્રા, ૫૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ, અને ૫૦ ગ્રામ વજનનાં એક – એક વજનિયાં (બાટ) છે. તો તે એક જ વાર ત્રાજવાનો ઉપયોગ કરીને નીચેનું વજન કેવી રીતે જોખી શકશે?

(૧) ૮૦૦ ગ્રામ : ..........................................................

(૨) ૧ કિગ્રા ૨૫૦ ગ્રામ : ..............................................

(૩) ૩૫૦ ગ્રામ : ..........................................................

(૪) ૪૦૦ ગ્રામ : ..........................................................

(૫) ૧ કિગ્રા ૬૦૦ ગ્રામ : ..............................................

| ૩ | **પ્રવૃત્તિ : ચાલ-ચિત્રની કરીએ ચર્ચા** | જૂથકાર્ય |
|---|---|---|

- નીચેનું ચિત્ર જોઈને તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો.



- નીચેના જેવા મુદ્દાઓ પર ચર્ચા કરો અને લખો.
  - o આ ચિત્ર શાનું લાગે છે?: ..............................................
  - o ચિત્રમાં કયાં – કયાં સાધનો છે? : ......................................
  - o ચિત્રમાં કેટલા લોકો છે? : ..............................................

| ૪ | **પ્રવૃત્તિ : દૂર કરો અને ઉમેરો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલ શબ્દોના કોઈપણ બે અક્ષર દૂર કરી નવા શબ્દો બનાવો.

ઉદાહરણઃ- મતલબ – તલ

કહેવત : ............... મરામત : ............... કારતક : ..............

આમંત્રણ : ............... તરબૂચ : ............... આવડત : ...............

સરપંચ : ............... તલવાર : ............... મુસાફર : ...............

દરબાર : ...............

| ૫ | **પ્રવૃત્તિ : ખોટું હોય તે છેકો, સાચું હોય તે રાખો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચેના વાક્યમાં આપેલા બે વિકલ્પોમાંથી ખોટા વિકલ્પ પર છેકો મારો અને વાક્ય ફરીથી વાંચો.

(૧) **પોલીસ / ચોર** લોકોનું રક્ષણ કરે છે.

(૨) **માખી / મધમાખી** મધ બનાવે છે.

(૩) રણનું વહાણ ગણાતું પ્રાણી **ગધેડું / ઊંટ** છે.

(૪) **વિમાન / આગગાડી** પાટા પર ચાલે છે.

(૫) **કાબર / ચકલી** કલબલ કરે છે.

| ૬ | **પ્રવૃત્તિ : ચિત્રને મનમાં ચિતરીએ** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા "આસપાસ"પાઠ્યપુસ્તકમાં પાન નં. ૫૫ પરનું બીજું ચિત્ર જુઓ. આ ચિત્રને જોઈને તમારા મનમાં આવતા વિચારોની ચર્ચા તમારા મિત્રો સાથે કરો.

ઉદાહરણઃ-

(૧) આ ચિત્ર કયા સમયનું હશે?

(૨) લોકો શું કરી રહ્યા છે?

(૩) તમે ક્યારેય આવી મુસાફરી કરી છે, જેમાં ખૂબ ધક્કામુક્કી થઈ હોય?

(૪) એ અનુભવ વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૭ | **પ્રવૃત્તિ : સાંભળો દઈ કાન, લખો દઈ ધ્યાન.** | **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|---|

- તમારા ગુજરાતી પાઠ્યપુસ્તકમાં પાન નં. ૧૦ પરથી શિક્ષક ગમે તે ૧૫ શબ્દોનું શ્રુતલેખન કરાવશે. ધ્યાનથી સાંભળી સુવાચ્ય અક્ષરે લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

| ૮ | **પ્રવૃત્તિ : વિકલ્પ પસંદગી** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- ખાલી જગ્યા વાંચો.ચર્ચા કરીને કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી.ખાલી જગ્યા પૂરો.

(૧) છત્રીનો ઉપયોગ .......... માં થાય છે. (શિયાળા / ચોમાસા)

(૨) ..........ને પાણીમાં નહાવું ગમે છે. (ભેંસ / ગાય)

(૩) હાથી .......... વડે પોતાનું શરીર સાફ કરે છે. (સૂંઢ / પૂંછડી)

(૪) .......... જીભ વડે પોતાનું શરીર સાફ કરે છે. (બકરી / કૂતરો)

(૫) .......... રણનું વહાણ કહેવાય છે. (ઊંટ / ઘોડો)

| ૯ | **પ્રવૃત્તિ : મુક્તલેખન** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- તમારા જોડીદાર મિત્ર સાથે એના પરિવાર, શોખ, ગમતી-ન ગમતી બાબતો વગેરેની ચર્ચા કરો. ત્યારબાદ તમારા જોડીદાર મિત્ર વિશે આઠ-દસ લીટીમાં વર્ણન કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

| ૧૦ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો** **તા.** જોડીકાર્ય |
|---|---|

- 'અ' વિભાગનાં અડધાં વાક્યોને પૂર્ણ કરવા માટે 'બ' વિભાગમાંથી અડધાં વાક્યો પસંદ કરો. પછી સાચાં આખાં વાક્યો નીચે લખો.

| **વિભાગ – અ** | **વિભાગ – બ** |
|---|---|
| ૧. પપ્પાએ ના પાડી તો પણ | ૧. પુષ્પાએ ચીસ ન પાડી. |
| ૨. ઘોડો થાકી ગયો હતો છતાં | ૨. અમે સૌ ટોચ સુધી ચડી ગયાં. |
| ૩. જીવનું જોખમ હતું છતાં | ૩. અમે તડકામાં રમવા ગયાં. |
| ૪. ડુંગર ઊંચો હતો તો પણ | ૪. એ દોડતો જ રહ્યો. |
| ૫. વંદો પાસે આવી ગયો તોપણ | ૫. સૈનિકો ભાગ્યા નહીં. |

વાક્યો :

(૧) ..................................................................

(૨) ..................................................................

(૩) ..................................................................

(૪) ..................................................................

(૫) ..................................................................

## સોળમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : એક સપનું એવું** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- કોઈ રાત્રે તમારી ઊંઘ અચાનક ઊડી ગઈ હોય એ અનુભવ તમારા મિત્રો સાથે વહેંચો. તમે આ વાત ઘરમાંથી કોને કહી હતી? - તમને કોઈ ખરાબ સ્વપ્ન આવ્યું હોય તે વર્ગ સમક્ષ કહો.

| ૨ | **પ્રવૃત્તિ : વાંચો, વાતચીત કરો, જવાબ આપો.** | **તા.** | જૂથકાર્ય |
|---|---|---|---|

- સંવાદ વાંચો તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વાતચીત કરીને મેળવો.તમારા જવાબો વર્ગમાં રજૂ કરો.

લાખો વણઝારો : એ રામ રામ મોહનજી.

તુલમોહન : રામ રામ ભાઈ, તમે કોણ?

લાખો વણઝારો : મારું નામ લાખો, મારે મૂર્તિ બનાવડાવવી છે.

તુલમોહન : હવે તો હું મૂર્તિઓ બનાવતો નથી.

લાખો વણઝારો : ભલા માણસ, બનાવી દો તો તમારો ઉપકાર. મારી પાસે એક કૂતરો હતો. મારે તેની મૂર્તિ બનાવડાવવી છે.

તુલમોહન : કૂતરાની મૂર્તિ?

લાખો વણઝારો : હા, મોહનજી એ કૂતરો મારી એક ભૂલથી મૃત્યુ પામ્યો એટલે ...

તુલમોહન : એવું દુઃખ ના લગાડો. ભૂલ થઈ જાય. જુઓને, મારી ભૂલથી તો હું મરી ગયો હતો.

**વાતચીત :**

(૧) લાખાને મૂર્તિ શા માટે બનાવડાવવી હતી?

(૨) લાખાએ શી ભૂલ કરી હતી?

(૩) તુલમોહનનું મૃત્યુ કેવી રીતે થયું? એ વાત તમને સંવાદના કયા વાક્યથી ખબર પડી?

(૪) તમને શું લાગે છે? મોહને લાખાના કૂતરાની મૂર્તિ બનાવી હશે?

(૫) લાખા અને તુલમોહનની જેમ જુદીજુદી વાર્તાઓમાંથી કોણ-કોણ વાતો કરી શકે? જેમ કે, 'કંઈ એકલા ખવાય'નો ઈસ્માઈલ અને 'ઊંટ અને ફકીર'

| ૩ | **પ્રવૃત્તિ : ઝટપટ કહો** | **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|---|

- નીચેની વસ્તુઓ પૈકી કઈ-કઈ વસ્તુઓમાં લિટરથી વધારે અને કઈ કઈ વસ્તુઓમાં લિટરથી ઓછું પાણી સમાશે, તે કહો. એક લિટરથી વધુ સમાય એવી વસ્તુઓ આગળ ✓ની અને ઓછું સમાય તેની આગળ × ની નિશાની કરો.

(૧) નાની ડોલ (૩) તગારું (૫) લોટો

(૨) વાટકો (૪) તપેલી

| ૪ | **પ્રવૃત્તિ : મેં પાડ્યું મારું મીઠું નામ** | **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|---|

- તમારા શિક્ષક તમને તમારું નામ બોલવા કહેશે. તમારે તમારા નામ સાથે એક વાનગીનું નામ બોલવાનું છે.

ઉદાહરણ:- મારું નામ મમતા – મોહનથાળ. મારું નામ શ્રદ્ધા - શીરો

| ૫ | **પ્રવૃત્તિ : છેલ્લો અક્ષર** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- આપેલ શબ્દનો છેલ્લો અક્ષર લઈ નવો શબ્દ બનાવો.

| જંગલ | લગામ | મજા | જાનવર | રમત |
|---|---|---|---|---|
| પ્રતિમા | | | | |
| આખલો | | | | |
| ડૉક્ટર | | | | |
| માલિક | | | | |

| ૬ | **પ્રવૃત્તિ : જોડકું** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- ચર્ચા કરીને જોડકાના જવાબ વિચારો અને જોડો. વર્ગમાં રજૂઆત કરો.
- આખું સાચું જોડકું હોય તો પોતાના ગાલ પર હાથ ફેરવી પોતાને વહાલ કરો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) ઊન આપતું પ્રાણી | કેરી |
| (૨) હળ ખેંચતું પ્રાણી | માછલી |
| (૩) ફળોનો રાજા | ઊંટ |
| (૪) રણનું વહાણ | ઘેટું |
| (૫) પાણીમાં રહેતું પ્રાણી | બળદ |

| ૭ | **પ્રવૃત્તિ : અમારું પુસ્તક** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- તમારું ગુજરાતીનું પાઠ્યપુસ્તક હાથમાં લો. આ પુસ્તકના મુખપૃષ્ઠનાં ચિત્રો કયા એકમમાંથી લેવામાં આવ્યાં હશે તેની તમારા મિત્રો સાથે ચર્ચા કરો. ત્યારબાદ ચિત્રનું નામ અને તેની સામે એકમનું નામ લખો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

| ૮ | **પ્રવૃત્તિ : ઊલટ – સૂલટ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ચર્ચા કરી ઊલટ-સૂલટ અક્ષરોમાંથી ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.
- તમારા બનાવેલા શબ્દો સૌને જણાવો.

ઉદાહરણઃ- બૂકરત - કબૂતર

| | | | |
|---|---|---|---|
| રસાવણી | | યાડિઘળ | |
| તસકર | | હદરળ | |
| બરતશ | | થરશદ | |
| તફરદ | | રાગુજતી | |
| સકોલીખિ | | ફજાળમ | |

| ૯ | **પ્રવૃત્તિ : જોડકું** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- 'અ' અને 'બ' વિભાગની યાદી ધ્યાનપૂર્વક વાંચો અને જોડકાં જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) સાપ | ચાલે |
| (૨) માછલી | ઊડે |
| (૩) વાઘ | તરે |
| (૪) ચકલી | દોડે |
| (૫) સસલું | સરકે |

| ૧૦ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- તમારા શિક્ષક લખાવે તે લખો. (શ્રુતલેખન કરાવવું)

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

ઉપરનો ફકરો લખાઈ ગયા બાદ તમારા જોડીદાર પાસે ચકાસાવો. બંને જણ સાથે મળીને સુધારા કરો. ત્યાર બાદ શિક્ષક પાસે ચકાસાવો.

## સત્તરમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : જાદુઈ કાર** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- તમારી પાસે જો ટારઝનની જાદુઈ કાર આવી જાય તો તમને ક્યાં જવાનું ગમે? તમે એ કારને કેવો આદેશ આપો? ચાર-પાંચની જોડીમાં તમારા મિત્રો સાથે બેસીને વાતચીત કરો. ત્રણ મિત્રોને ભાગીદારીમાં જાદુઈ કાર મળે છે. એ કાર તમારા આદેશ પ્રમાણે કામ કરે છે. તો તેને કયા કયા આદેશ આપશો?
- આ આદેશો વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૨ | **પ્રવૃત્તિ : છેકાછેકીની મજા** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- નીચેના શબ્દો વાંચી લો.
- શિક્ષક તમને 'ઊંટ અને ફકીર' વાર્તા વાંચી સંભળાવશે. તે ધ્યાનથી સાંભળો.
- નીચેના શબ્દોમાંથી જે શબ્દ વાર્તામાં સંભળાય તે છેકી નાખો.

| | | | | |
|---|---|---|---|---|
| રહેમ | માલિક | કનડગત | લાલચ | ઝવેરાત |
| ફકીર | વનવગડામાં | બાદશાહ | જડતી | ખોડું |

| ૩ | **પ્રવૃત્તિ : ઝટપટ કહો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- પ્રશ્નોના સાચા જવાબ શોધો અને વર્ગમાં રજૂ કરો.
- ૧ કિગ્રા ચોખાની કિંમત ૬૦ રૂપિયા હોય, તો ૪ કિગ્રા ચોખાની કિંમત શોધવા શું કરવું પડે?

  (અ) ૬૦ × ૪ (બ) ૬૦ ₹૪ (ક) ૬૦ − ૪ (ડ) ૬૦ ÷ ૪
- ૫૦૦ ગ્રામ ચોખાની કિંમત શોધવા શું કરશો?

  (અ) ૬૦ ×૦.૫૦૦ (બ) ૬૦ ÷૦.૫૦૦

  (ક) ૬૦ ÷ ૨ (ડ) ૬૦ × ૨

| ૪ | **પ્રવૃત્તિ : વાંચો અને લખો** **તા.** **વ્યક્તિગતકાર્ય** |
|---|---|

- તમારા"આસપાસ" પાઠ્યપુસ્તકમાંથી પાના નં. ૧૨૧ પરનો આપેલ ફકરો વાંચી પ્રશ્નોની ચર્ચા કરી જવાબ આપો.

  ફકરો : ગોપાલભાઈના ઘરના રસ્તે ... તાર અને લાકડાનો પણ

  (૧) આ ફકરાની બાજુમાં કયાં કયાં પક્ષીઓનાં ચિત્રો આપ્યાં છે?

  (૨) 'ચકલીએ બચ્ચાંને જન્મ આપ્યો' આ વાક્ય સાચું છે કે ખોટું?

  (૩) દૂરની વસ્તુ જોવા શેનો ઉપયોગ કરશો?

  (૪) દેવચકલીના માળામાં શું શું જોવા મળ્યું?

  (૫) દેવચકલીને રહેવા માટે તમારા ઘરે તમે શી વ્યવસ્થા કરશો?

| ૫ | **પ્રવૃત્તિ : અંતાક્ષરી** **તા.** **વ્યક્તિગતકાર્ય** |
|---|---|

- આપેલ શબ્દનો છેલ્લો અક્ષર લઈ નવો શબ્દ બનાવો.

| રજા | જાગ | ગમ્મત | તપેલી | લીમડો |
|---|---|---|---|---|
| સિંહ | | | | |
| ટેબલ | | | | |
| સાપ | | | | |
| મગજ | | | | |

| ૬ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો.** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

| (અ) | (બ) |
|---|---|
| (૧) ચીં ચીં કરતું પક્ષી | સારસ |
| (૨) વાળમાં રહેતું જંતુ | ચકલી |
| (૩) ગુજરાતનું સૌથી મોટું પક્ષી | કરોળિયો |
| (૪) જાળું બનાવતું જંતુ | વાંદરો |
| (૫) ઝાડ પર કૂદતું પ્રાણી | જૂ |

| ૭ | **પ્રવૃત્તિ : ફનલેન્ડ** **તા.** **જૂથકાર્ય** |
|---|---|

- તમારા જૂથમાં બેસીને તમને મઝા આવી હોય એવો જોક તમારા મિત્રોને સંભળાવો.
- તમારું જૂથ ભેગું થઈને નક્કી કરે એ જોક (ટુચકો) વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૮ | **પ્રવૃત્તિ : ઊલટ – સૂલટ ता.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ચર્ચા કરી ઊલટ-સૂલટ અક્ષરોમાંથી ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.

| | | | |
|---|---|---|---|
| સારવદ | વરસાદ | કાકરત | |
| આડીગગા | | ર્યસૂખીમુ | |
| રરુવાગુ | | જોરવાદ | |
| કડોચળ | | ઉગયોપ | |
| રડુંદાત | | બૂતરચ | |

| ૯ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- તમારા શિક્ષક લખાવે તે નીચે લખો.
- (શિક્ષકે ‘‘આસપાસ’’ પુસ્તકમાંથી પાંચ વાક્યના ફકરાનું શ્રુતલેખન કરાવવું)

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

| ૧૦ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો. તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ‘અ’ વિભાગનાં અડધાં વાક્યોને પૂર્ણ કરવા માટે ‘બ’ વિભાગમાંથી અડધાં વાક્યો પસંદ કરો. પછી સાચાં આખાં વાક્યો નીચે લખો.

| **વિભાગ – અ** | **વિભાગ – બ** |
|---|---|
| ૧. ભીમને બહુ ભૂખ લાગી હતી | ૧. એટલા માટે હું વહેલો શાળાએ ગયો. |
| ૨. મમ્મી દૂર ગઈ | ૨. એટલે એ ૪૯ કેળાં ખાઈ ગયો. |
| ૩. આજે સફાઈનો મારો વારો હતો | ૩. તેથી બાળક રડવા માંડ્યું. |
| ૪. ગામમાં તળાવ છે. | ૪. એટલા માટે પપ્પાએ પાસવર્ડ રાખ્યો છે. |
| ૫. હું મોબાઈલ ન વાપરી શકું | ૫. એટલે અમે સૌ તરતાં શીખી ગયાં. |

## અઢારમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : મને ગમતું પંખી** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- તમારા મિત્રો સાથે તમને ગમતા પંખી વિશે વાત કરો. એ પંખી તમને શા માટે ગમે છે તે કહો.
- આ વાત તમારા વર્ગમાં કહો.

| ૨ | **પ્રવૃત્તિ : બનો બીરબલ** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- વાંચો અને મૂરખા શોધો. તમારો જવાબ સૌને જણાવો.

(૧) તરુણ : અરે યાર, એક પ્રૉબ્લેમ છે. મને જમ્યા પછી ભૂખ નથી લાગતી.

(૨) પ્રિયા : સર, એક જ દિવસમાં પચાસ દાખલાનું ગૃહકાર્ય ન આપશો.

(૩) જ્યોતિ : મચ્છરને છેતરવા મેં એક ખાટલામાં મચ્છરદાની બાંધી અને બીજા ખાટલામાં ઊંઘી ગઈ.

(૪) ભીખાલાલ : ચિંતા ન કરો. આ જાડું દોરડું કૂવામાં લટકાવીશું. સાપ તે દોરડાએ ચઢીને બહાર આવી જશે.

(૫) મીઠી : કીડીને ખબર ન પડે એ માટે મેં ગોળના ડબ્બા પર કાપલી ચોંટાડી છે કે, 'આ ડબ્બામાં મરચું છે.'

"મહારાજ, ઉપરના પાંચ પૈકી .......... મૂરખા છે."

| ૩ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- ૧૦૦ ડોલ પાણી સમાય, એવડી ટાંકી અડધી ભરેલી હોય તો, આખી ટાંકી ભરવા માટે બીજું કેટલું પાણી જોઈએ?

(અ) ૧૦૦ ₹ ૨ (બ) ૧૦૦ - ૨ (ક) ૧૦૦ × ૨ (ડ) ૧૦૦ ÷ ૨

| ૪ | **પ્રવૃત્તિ : ચાલો, ચર્ચા કરીએ** | **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|---|

- તમારા ''આસપાસ'' પાઠ્યપુસ્તકમાં પાન નં. ૧૩૬ પર આપેલી વિગતો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

  (૧) તમારા મામા તમારી મમ્મીના પતિની પત્નીના શું થશે?

  (૨) રિવરફ્રન્ટમાં કોણ કોણ આવે છે?

  (૩) અઠવાડિયામાં કેટલા દિવસ હોય?

  (૪) મામાની ચિંતાનું કારણ શું હતું?

  (૫) અમદાવાદ શહેરના પ્રવાસે જવું તમને ગમશે? ત્યાં કયાં કયાં સ્થળો જોવા જશો?

| ૫ | **પ્રવૃત્તિ : સાંભળો દઈ ધ્યાન** | **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|---|

- તમારા ગુજરાતી પાઠ્યપુસ્તકમાં પાન નં. ૫૬ પરથી શિક્ષક ગમે તે એક ફકરાનું શ્રુતલેખન કરાવશે. ધ્યાનથી સાંભળી સુવાચ્ય અક્ષરે ફકરો લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

| ૬ | **પ્રવૃત્તિ : ચિત્રની વાર્તા** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- તમારા અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં પાન નં. ૪૨ પર આપેલી પ્રવૃત્તિ ૭નાં ચિત્રો જોઈ તે વાર્તા વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૭ | **પ્રવૃત્તિ : જોડકું** **તા.** જોડીકાર્ય |
|---|---|

- યોગ્ય જોડકાં જોડો

| (અ) | (બ) |
|---|---|
| (૧) ગાયનાં | પગ |
| (૨) ગાયની | પોદળો |
| (૩) ગાયના | શીંગડાં |
| (૪) ગાયનું | ડોક |
| (૫) ગાયનો | પૂંછડું |

| ૮ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો.** **તા.** જૂથકાર્ય |
|---|---|

- કૌંસમાં આપેલા શબ્દો પૈકી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(નવેમ્બર, સૂર્ય, લાગ્યું, આથમે, મહિનો, ટૂંકો, ઘેરાતાં, તૈયારીમાં, અજવાળું, વાઘ)

નવેમ્બર .......... અડધો થયો હતો. .......... મહિનો એટલે શિયાળો. દિવસ .......... અને સૂર્ય .......... એટલે અંધારાને .......... વાર ન લાગે. અત્યારે .......... આથમવાની .......... હતો. .......... ઝાંખું થવા .......... હતું. એ સમયે ત્યાં એક .......... આવ્યો.

| ૯ | **પ્રવૃત્તિ : ઝાડને જાણીએ** **તા.** જૂથકાર્ય |
|---|---|

- તમારી શાળામાં કયાં-કયાં ઝાડ છે? ઝાડવા અંગે જૂથના મિત્રો સાથે ચર્ચા કરો. નીચે આપેલ જગ્યામાં કોઈ એક ઝાડ વિશે પાંચ-છ વાક્યોનો ફકરો લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

| ૧૦ | **પ્રવૃત્તિ : શબ્દો પરથી વાક્યો બનાવો** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- નીચે આપેલ બંને શબ્દોનો ઉપયોગ થતો હોય તેવાં વાક્યો લખો.

ઉદાહરણઃ- ગામ, શહેર

વાક્ય : નાના શેઠ વેપાર કરવા ગામ છોડીને શહેરમાં ગયા.

(૧) રાત, ખેતર : ..........................................................

(૨) બીક, હથિયાર : ......................................................

(૩) સસલું, ઘર : ..........................................................

(૪) મહેંદી, શાળાઃ .......................................................

(૫) શાકભાજી, પૈસાઃ ....................................................

## ઓગણીસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : પત્ર લખવાની મજા** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- તમારો વેકેશનનો કોઈ યાદગાર અનુભવ તમારા જોડીદારને કહો તથા હવે પછીના વેકેશનને ધ્યામાં રાખીને નીચેના પ્રશ્નો વિશે વાતચીત કરો.

(૧) તમને ક્યાં જવાનું ગમે?

(૨) શા માટે?

(૩) ત્યાં જઈને તમે શું-શું કરવા માંગો છો?

| ૨ | **પ્રવૃત્તિ : વાંચો, સમજો અન શોધો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ગુજરાતી પાન નં. ૭૦ 'પંખીઓએ પાણી પાયું' વાંચો અને તેના આધારે સાચા વિકલ્પ આગળ ✓ કરો.

(૧) 'છોડને આકાશને આંબી જવું હતું.' એટલે?

☐ આકાશ જેવડો આંબાનો છોડ થવું હતું.

☐ છોડને ખૂબ ઊંચે વધવું હતું.

☐ છોડને આકાશને અડકી જવું હતું.

(૨) 'છોડ તો સાવ બોડો થઈ ગયો.' એટલે?

☐ છોડના બધા વાળ ખરી ગયા.

☐ છોડ સાવ બેવડાઈ ગયો.

☐ છોડ પર પાંદડાં જ ન રહ્યાં.

(૩) 'મૂળ પાણી વિના અકળાઈ રહ્યાં છે.' એટલે?

☐ મૂળ પાણીમાં ખૂબ અકળામણ છે.

☐ મૂળ પાણી માટે તરસી રહ્યાં છે.

☐ મૂળ પાણીથી છંછેડાઈ ગયાં છે.

| ૩ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર !** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- નીચેના પ્રશ્નનો સાચો જવાબ વિચારો અને વર્ગમાં રજૂ કરો.
- ૧૦૦ એ ૨૦ના કેટલા ગણા છે? તે શોધવા શું કરશો?

(અ) ૧૦૦ ₹ ૨૦ (બ) ૧૦૦ – ૨૦ (ક) ૧૦૦ × ૨૦ (ડ) ૧૦૦ ÷ ૨૦

| ૪ | **પ્રવૃત્તિ : ચિત્રચર્ચા** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- તમારી જોડીમાં બેસો 'ગણિત ગમ્મત' પુસ્તકના પાન નં. ૧૨૫ પરનું ચિત્ર જુઓ.
- આ ચિત્રને આધારે તમારા જોડીદાર સાથે ચર્ચા કરો.

(૧) આ ચિત્ર કઈ જગ્યાનું છે?
(૨) એ સ્થળે તમે ગયાં છો?
(૩) દરિયાકિનારે કોણ બેઠું છે?
(૪) કયાં વૃક્ષો દેખાય છે?
(૫) આકાશમાં શું શું દેખાય છે?

| ૫ | **પ્રવૃત્તિ : કોયડો ઉકેલો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- 'શબ્દશોધ'ની આ પ્રવૃત્તિના નિયમો વાંચો અને તે મુજબ ઉપરના કોઠામાંથી મૂળાક્ષરનો ઉપયોગ કરી વચ્ચેના કોઠામાં પૂછેલા શબ્દો / શબ્દસમૂહ માટેના જવાબો લખો અને રજૂ કરો.
- નિયમો :

o અહીં કોઠામાં આપેલ આઠ મૂળાક્ષરોના ઉપયોગથી જ ત્રણ અક્ષરના આઠ શબ્દો બનાવવાના છે.

o માત્ર મૂળાક્ષરોથી જ શબ્દો બનાવવાના છે. કોઈ જ માત્રા ઉમેરવાની નથી.

o કોષ્ટકમાં જે નંબર આપ્યા છે, તે નંબરમાં આપેલ મૂળાક્ષરથી જ જે-તે શબ્દ શરૂ કરવાનો છે. જેમકે, નંબર ૧ પર તાબડતોબ લખ્યું છે અને કોષ્ટકમાં 'ત' મૂળાક્ષર હોવાથી આ શબ્દ 'ત'થી જ શરૂ થશે.

| | | |
|---|---|---|
| ત | ર | ન |
| ગ | | વ |
| મ | જ | પ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | તાબડતોબ | તરત | (૫) | જન્મ | |
| (૨) | ઠંડું નહીં તેવું, ઊનું | | (૬) | કડક નહીં તેવું પોચું. | |
| (૩) | પાણીમાં રહેતું એક પ્રાણી | | (૭) | ભાર | |
| (૪) | ખેલ | | (૮) | વહેતી હવા, વાયુ | |

| ૬ | **પ્રવૃત્તિ : જોડકાં જોડો.** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- જૂથમાં ચર્ચા કરી જોડકાં જોડો.


| (અ) | (બ) |
|---|---|
| (૧) રૂ આપતો છોડ | કૂતરો |
| (૨) વાઘની માસી | બળદ |
| (૩) ઘરની ચોકી કરનાર પ્રાણી | ગધેડો |
| (૪) ખેડૂતને ઉપયોગી પ્રાણી | બિલાડી |
| (૫) કુંભારને ઉપયોગી પ્રાણી | કપાસ |

| ૭ | **પ્રવૃત્તિ : ઘૂંટડો શરબતનો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં પાન નં. ૪૬ પર આપેલ એક્ટિવિટી-૩ પરથી લીંબુ શરબતની રીત વિશે જૂથમાં ચર્ચા કરી, વર્ગ સમક્ષ રજૂ કરો.

| ૮ | **પ્રવૃત્તિ : ચિત્રને સમજીએ.** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- આપેલા ચિત્રમાં રંગ પૂરો ત્યાર બાદ નીચેના પ્રશ્નો પર વિચાર કરો. તમારા વિચારો શિક્ષકની સૂચના મુજબ વર્ગમાં રજૂ કરો.



- o આ ચિત્ર ક્યાંનું હશે?
- o આ ચિત્રમાં કયા કયા સજીવો છે?
- o માછલીઓ શી વાતો કરતી હશે?

| ૯ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- તમારા શિક્ષક લખાવે તે ફકરો નીચે લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

| ૧૦ | **પ્રવૃત્તિ : વાર્તા રે વાર્તા તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- તમારી શાળામાં દર માસે 'બાલસૃષ્ટિ' સામયિક આવે છે. 'બાલસૃષ્ટિ'ના જૂના અંકો મેળવો. કોઈ એક અંકમાંથી એક વાર્તા પસંદ કરી વર્ગ સમક્ષ કહો. (દરેક જૂથ અલગ અલગ અંકમાંથી વાર્તા કહેશે.)
- તમારા જૂથમાંથી કોણે વાર્તા કહી તે સભ્યનું નામ અને વાર્તાનું નામ લખો.

| વાર્તા કોણે કહી? | કઈ વાર્તા ? |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

# વીસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : માંડીએ વાતડી** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- તમારા ઘર / ફળિયામાં સાપ નીકળ્યો ત્યારે શું થયું હતું તે તમારા મિત્ર સાથે ચર્ચા કરો.
  - o સાપ ક્યાં નીકળ્યો હતો?
  - o ક્યારે નીકળ્યો હતો?
  - o કોણે સાપ જોયો?
  - o કોણ વધુ ડરી ગયું હતું?
  - o તમને ડર લાગ્યો હતો?
  - o સાપ કોણે પકડ્યો?
  - o સાપને ક્યાં મૂકી આવ્યા?

| ૨ | **પ્રવૃત્તિ : ઉખાણું** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- નીચેનાં ઉખાણાં વાંચો
- ગુજરાતીના પુસ્તકના પાન નં. ૨૧ પર આપેલ ચિત્રોમાંથી કોઈક ચિત્ર આ ઉખાણાંનો જવાબ છે, જે ચર્ચા કરી શોધી કાઢો.
- તમારા જવાબો વર્ગમાં રજૂ કરો.

(૧) ઉપર-નીચે થાય છે.
મીઠાં ગીતો ગાય છે.
એની ઉપર બેસી સૌ કોઈ
પવનસપાટા ખાય છે. ☐

(૨) ઉગમણેથી આથમણે એ થઈ જાતો છૂમંતર,
એકેય ઝાડ ન એના રસ્તે, એકલો કાપે અંતર.
ઉનાળે એ ડોળા કાઢી જોતો ગુસ્સાભેર,
શિયાળે એ હાજર થાય ને થાય લીલાલહેર. ☐

| ૩ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા દાદા તમને, તમારા ભાઈને અને તમારી બહેનને દરરોજ પાંચ-પાંચ રૂપિયા આપે છે. તો..

(૧) દાદા દરરોજ કેટલા રૂપિયા આપે છે?

(અ) ૫ × ૨ (બ) ૫ ₹ ૫ (ક) ૫ × ૩

(૨) તમને એક અઠવાડિયામાં કેટલા રૂપિયા મળે?

(અ) ૧૫ × ૭ (બ) ૫ × ૭ (ક) ૫ ₹ ૩

(૩) તમારાં ભાઈ-બહેન બંનેને દસ દિવસમાં કુલ કેટલા રૂપિયા મળે?

(અ) ૧૦ × ૧૦ (બ) ૧૦ ₹ ૧૦ (ક) ૫ × ૧૦

(૪) પિસ્તાળીસ રૂપિયાનો કંપાસ ખરીદવા તમારે કેટલા દિવસના રૂપિયા એકઠા કરવા પડશે?

(અ) ૪૫ ₹ ૫ (બ) ૪૫ ÷ ૫ (ક) ૪૫ × ૫

(૫) પાંચ દિવસમાં તમને અને તમારા ભાઈને મળેલા કુલ રૂપિયા તથા તમારી બહેનને નવ દિવસમાં મળેલા કુલ રૂપિયા ...............

(અ) સરખા હોય

(બ) બહેન પાસે વધુ હોય

(ક) તમારી પાસે વધુ હોય

| ૪ | **પ્રવૃત્તિ : શબ્દસાંકળ** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- આપેલ શબ્દનો છેલ્લો અક્ષર લઈ નવો શબ્દ બનાવો.

| નિશાન | નદી | દીવી | વીજ | જમરૂખ | ખારેક |
|---|---|---|---|---|---|
| વાંક | | | | | |
| બીરબલ | | | | | |
| અપમાન | | | | | |
| મીઠાઈ | | | | | |

| ૫ | **પ્રવૃત્તિ : મને ઓળખો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- "આસપાસ" પાન નં. ૧૨૭ પર પ્રાણીઓના દાંત વિશે વાંચો, હું કોણ છું તે ઓળખો.

(૧) મારા દાંત અણીદાર અને વાંકા છે. : ....................

(૨) મારા દાંત અણીદાર છે, પણ વાંકા નથી. : ....................

(૩) મારા દાંત આખી જિંદગી વધતા રહે છે. : ....................

(૪) મારા કાપવાના અને ચાવવાના દાંત જુદા છે. : ....................

(૫) મારે દાંત છે, પણ હું તેનો ચાવવામાં ઉપયોગ કરતો નથી. : ....................

(૬) મારા આગળના દાંત લાંબા હોય છે. : ....................

| ૬ | **પ્રવૃત્તિ : શાની પડશે જરૂર?** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- નીચેનાં કામો માટે કયાં કયાં સાધનો જોઈશે તેની ચર્ચા કરી નોંધ કરો.

(૧) રોટલી વણવા માટે ..........

(૨) નખ કાપવા માટે ..........

(૩) ઘરની સફાઈ કરવા માટે ..........

(૪) શાક સમારવા માટે ..........

(૫) શરીરની સફાઈ કરવા માટે ..........

| ૭ | **પ્રવૃત્તિ : શબ્દ બનાવો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ઉદાહરણ મુજબ પ્રાસવાળા બે-બે શબ્દો લખો.


ઉદાહરણ :- એક, છેક, નેક

| | | |
|---|---|---|
| ગણો | | |
| સેવા | | |
| બેટી | | |
| ખોટ | | |
| ડોડી | | |

| ૮ | **પ્રવૃત્તિ : શબ્દકુટુંબ** તા. | **જૂથકાર્ય** |
|---|---|---|

- આપેલા શબ્દને એના કુટુંબના સભ્યો શોધી આપો.

ઉદાહરણ :






| ૯ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો.** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- કૌંસમાં આપેલા શબ્દો પૈકી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(એનો, અડધી, કીડીઓ, નાની, આટલી, એમનો, મોઢામાં, ભાર, મેળામાંથી, કેટલીક, મેળામાં)

બાપ રે ! .......... બધી કીડીઓ ? .......... નાની કીડીઓ.આ બધી .......... ક્યાં જતી હશે ? લાગે છે કે.......... જતી હશે. ..........પણ મેળો તો ભરાતો જ હશે ને ? પણ આમાં અડધી આવે છે અને .......... જાય છે. .......... કીડીઓ તો પોતાના .......... કશુંક પકડીને લઈ જાય છે. .......... ખરીદ્યું હશે ? .......... ભાર ઉપાડીને પણ કેવી દોડતી જાય છે, નહીં ?

## પ્રવૃત્તિ સમાપન

- વીસ અઠવાડિયાની જુદીજુદી પ્રવૃત્તિઓ પૈકી તમને કઈ કઈ પ્રવૃત્તિઓ કરવાની મજા પડી? તમારા જૂથમાં ચર્ચા કરી કોઈ પણ દસ પ્રવૃત્તિઓ લખો.

| ક્રમ | અઠવાડિયું | પ્રવૃત્તિ ક્રમ | નામ | પ્રવૃત્તિ શા માટે ગમી? |
|---|---|---|---|---|
| (૧) | | | | |
| (૨) | | | | |
| (૩) | | | | |
| (૪) | | | | |
| (૫) | | | | |
| (૬) | | | | |
| (૭) | | | | |
| (૮) | | | | |
| (૯) | | | | |
| (૧૦) | | | | |

-: નોંધ :-

-: નોંધ :-

-: નોંધ :-

-: નોંધ :-